



# ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ




## અગિયારમો વાર્ષિક અહેવાલ

## ૨૦૦૯-૨૦૧૦

પહેલો માળ, નેપ્ચ્યુન ટાવર, નહેરૂ બ્રીજ સામે, આશ્રમરોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૯.

# ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ

## અગિયારમો વાર્ષિક અહેવાલ
## ૨૦૦૯-૧૦


પહેલો માળ, નેપ્ચ્યુન ટાવર,
નહેરૂબ્રીજ સામે, આશ્રમરોડ,
અમદાવાદ-૩૮૦ ૦૦૯.

# ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ

આયોગ વીજળી અધિનિયમ-૨૦૦૩ની
કલમ ૧૦૫ અન્વયે ૨૦૦૯-૧૦ નાણાકીય વર્ષ
માટેનો અગિયારમો વાર્ષિક અહેવાલ રજૂ કરે છે.

ડૉ. કેતન શુક્લ, આઈ.એફ.એસ.
સચિવ
ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ

# વિષય-સૂચિ


| | | |
|---|---|---|
| | વિષય-સૂચિ | ... I |
| | જોડાણો | ... II |
| | સંક્ષેપાક્ષર | ... III |
| | અધ્યક્ષ સ્થાનેથી | ... IV-VI |
| | ૨૦૦૯-૨૦૧૦ની પ્રવૃત્તિ વિશેષતા | ...VII-VIII |
| **૧.** | **આયોગનું વ્યવસ્થા માળખું** | **...૦૧** |
| | ૧.૧ આયોગ | ...૦૧ |
| | ૧.૨ આયોગની કચેરી | ...૦૧ |
| | ૧.૩ પૂર્વ જરૂરી સગવડો | ...૦૧ |
| | ૧.૪ સ્ટાફ | ...૦૨ |
| **૨.** | **આયોગના કાર્યો** | **...૦૩** |
| | ૨.૧ આદેશ | ...૦૩ |
| | ૨.૨ કાર્યો | ...૦૩ |
| | ૨.૩ વિનિયમો | ...૦૪ |
| **૩.** | **વર્ષ દરમિયાન પ્રવૃત્તિઓ** | **...૦૫** |
| | ૩.૧ પ્રશુલ્કનો નિર્ણય | ...૦૫ |
| | ૩.૨ સને ૨૦૦૯-૧૦ માટે પ્રશુલ્ક નિર્ધારણ | ...૦૫-૧૦ |
| | ૩.૩ ખુલ્લો પ્રવેશ-પ્રવહન શુલ્ક વ્હીલીંગ શુલ્ક અને પ્રતિ સહાયકી સરચાર્જ સને ૨૦૦૯-૧૦ | ...૧૧-૧૩ |
| | ૩.૪ સને ૨૦૧૦-૧૧ માટે પ્રશુલ્ક નિર્ધારણ | ...૧૩-૧૯ |
| | ૩.૫ ખુલ્લો પ્રવેશ-પ્રવહન શુલ્ક વ્હીલીંગ ચાર્જીસ અને પ્રતિ સહાયકી સરચાર્જ ૨૦૧૦-૧૧ | ...૨૦-૨૨ |
| | ૩.૬ રાષ્ટ્રીય વિદ્યુત નીતિના પરિપ્રેક્ષ્યમાં વર્તમાન સ્થિતિ | ...૨૨-૨૪ |
| | ૩.૭ પ્રશુલ્ક નીતિના પરિપ્રેક્ષ્યમાં વર્તમાન સ્થિતિ | ...૨૪-૨૮ |
| | ૩.૮ નવીનીકરણ પ્રાપ્ત ઉર્જાના સ્ત્રોતો | ...૨૯-૩૧ |
| | ૩.૯ પીટીશનો અને અપીલોનો નિકાલ | ...૩૧-૩૨ |
| | ૩.૧૦ લાઈસન્સ અરજીઓ | ...૩૩ |
| | ૩.૧૧ અર્થ ટર્મિનલ અંગેના આદેશનો અમલ | ...૩૩-૩૪ |
| | ૩.૧૨ આંતર-રાજ્ય પ્રાપ્યતા આધારિત પ્રશુલ્કની સ્થિતિ | ...૩૪ |
| | ૩.૧૩ તકરારો અને મતભેદોનો ન્યાય નિર્ણય | ...૩૫ |
| | ૩.૧૪ રાજ્ય સલાહકાર સમિતિ | ...૩૬ |
| | ૩.૧૫ તાલીમ કાર્યક્રમ | ...૩૭ |
| | ૩.૧૬ નિયંત્રક ફોરમની બેઠકો | ...૩૮ |
| | ૩.૧૭ ભારતીય નિયંત્રક ફોરમની બેઠકો | ...૩૯ |
| **૪.** | **વાર્ષિક હિસાબો** | **...૪૦-૪૧** |

# જોડાણો


| | | |
|---|---|---|
| ૧. | આયોગનું આંતરિક માળખું | ...૪૨ |
| ૨. | આયોગનો વ્યવસ્થા ચાર્ટ | ...૪૩ |
| ૩. | ૨૦૦૯-૧૦ દરમિયાન નિકાલ કરેલ પીટીશનનો વિગતો | ...૪૪-૪૬ |
| ૪. | ૨૦૦૯-૧૦ દરમિયાન નિકાલ કરેલ પ્રકીર્ણ અરજીઓની વિગતો | ...૪૭ |
| ૫. | ૨૦૦૯-૧૦ દરમિયાન નિકાલ કરેલ લાયસન્સ અરજીની વિગત | ...૪૮ |
| ૬. | આયોગે જાહેર કરેલ વિનિયમોની યાદી | ...૪૮-૪૯ |
| ૭. | ૨૦૦૯-૧૦ દરમિયાન વિદ્યુત લોકપાલને મળેલી ફરિયાદોનો પ્રકાર | ...૫૦ |
| ૮. | વિદ્યુત લોકપાલ કચેરીને મળેલ રજુઆતોની સંખ્યા | ...૫૧ |

# સંક્ષેપાક્ષરો

| | |
|---|---|
| ABT | પ્રાપ્યતા આધારિત પ્રશુલ્ક |
| ARR | એકંદર મહેસુલ જરૂરિયાત |
| BPL | ગરીબી રેખા નીચે |
| CEI | મુખ્ય વીજળી નિરીક્ષક |
| CERC | કેન્દ્રીય વિદ્યુત નિયંત્રક આયોગ |
| CERS | ગ્રાહક શિક્ષણ અને સંશોધન સોસાયટી |
| CIRE | કેન્દ્રીય ગ્રામ્ય વીજળીકરણ સંસ્થા |
| CGRF | ગ્રાહક તકરાર નિવારણ ફોરમ |
| CPP | કેપ્ટીવ વીજ પ્લાન્ટ |
| DGVCL | દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડ |
| EI | વિદ્યુત નિરીક્ષક |
| FOIR | ભારતીય નિયંત્રક ફોરમ |
| FOR | નિયંત્રક ફોરમ |
| FPPPA | બળતણ ભાવ અને વીજ ખરીદી સમાયોજન |
| GEB | ગુજરાત વિદ્યુત બોર્ડ |
| GERC | ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ |
| GETCO | ગુજરાત વીજ પ્રવહન નિગમ લિમિટેડ |
| GSECL | ગુજરાત રાજ્ય વીજળી નિગમ લિમિટેડ |
| GVVNL | ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ |
| IIT | ભારતીય ટેકનોલોજી સંસ્થા |
| IOC | ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન |
| MNRE | નવીન અને નવીનીકરણપાત્ર ઊર્જા મંત્રાલય |
| MGVCL | મધ્ય ગુજરાત વીજ કંપની લિમિટેડ |
| NEP | રાષ્ટ્રીય વિદ્યુત નીતિ |
| PDCRC | કાયમી જોડાણ કાપ તથા ગ્રાહક પુર્નજોડાણ |
| PGVCL | પશ્ચિમગુજરાત વીજ કંપની લિમિટેડ |
| POC | સમાંતર કાર્યદર |
| PPA | વીજ ખરીદી સમજૂતી |
| RPPO | નવીનીકરણ ઉર્જા પ્રાપ્તિ બંધન |
| SSNNL | સરદાર સરોવર નર્મદા નિગમ લિ. |
| SLDC | રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્ર |
| TPL | ટોરન્ટ પાવર લિમિટેડ |
| UGVCL | ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ |

# અધ્યક્ષ સ્થાનેથી

૧૯૯૮ના વિદ્યુત નિયંત્રક આયોગ અધિનિયમની જોગવાઈ હેઠળ ગુજરાત સરકાર દ્વારા ૧૯૯૮માં ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગની રચના કરવામાં આવી છે. આ અધિનિયમની જોગવાઈઓ તળે કમિશને તા. ૧૯-૪-૨૦૧૦ થી કામગીરી શરૂ કરી. ઉર્જાક્ષેત્રમાં સુધારણા માટે આ એક અગત્યનું સીમાચિહ્ન હતું. ગુજરાત વિજળી ઉદ્યોગ (પુર્નવ્યવસ્થા અને વિનિયમન) અધિનિયમ ૨૦૦૩ અને વિદ્યુત અધિનિયમ ૨૦૦૩માં સુધારાના કારણે ન્યાયિક માળખામાં મહત્ત્વના ફેરફાર થયા. ઉપરના બે અધિનિયમની સુસંગત જોગવાઈઓ નીચે ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગની રચના થયેલ ગણેલ છે.

૨૦૦૩ના વિજળી અધિનિયમથી ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગની જવાબદારીનું ક્ષેત્ર નોંધપાત્ર રીતે વ્યાપક બન્યું છે. પ્રશુલ્ક નિર્ણય ઉપરાંત અધિનિયમ વિજળી ક્ષેત્રનાં વૃદ્ધિ, કાર્યક્ષમતા, અર્થવ્યવસ્થા અને સલામતીને ઉત્તેજન આપવા તથા ગ્રાહકોના હિતોનું રક્ષણ કરવા પર્યાવરણલક્ષી વહનક્ષમતા ઊભી કરવાની જવાબદારીઓ/કાર્યો ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગને સોંપ્યા છે.

તાજેતરના સમયમાં ગુજરાતે ઉર્જા ક્ષેત્રમાં વિકાસ અને રૂપાંતરણમાં હરણફાળ ભરી છે. હાલમાં, રાજ્યની કુલ વીજ ઉત્પાદન ક્ષમતા કેન્દ્ર સરકારના ૨૭૨૪ મે.વો.ના હિસ્સા સાથે ૧૨૫૦૮ મે.વો. છે. આ ઉપરાંત નવીનીકરણ ઉર્જાસ્ત્રોત દ્વારા વિદ્યુત ઉત્પાદનની ક્ષમતા ૧૮૨૩ મે.વો. છે. રાજ્ય દ્વારા ૨૦૧૨ના અંત સુધીમાં કેન્દ્ર સરકારના ૪૬૧૦ મે.વો. સહિત ૧૮૭૫૯ મે.વો.ની વીજ ઉત્પાદન ક્ષમતા કરવાની નેમ છે. રાજ્યમાં વીજની ઉપલબ્ધતા અને ગુણવત્તા વધારવા જ્યોતિગ્રામ તથા ઈ-ઉર્જા જેવી આગવી યોજનાઓ હાથ ધરેલ છે.

ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગે અસરકારક, દૂરદેશીપૂર્ણ સ્વસક્રિય વીજ નિયંત્રક માળખા દ્વારા રાજ્યના વિકાસમાં મહત્ત્વનું પ્રદાન કરેલ છે. છેલ્લા દાયકામાં આયોગે ૨૭ વિનિયમો પસાર કરેલ છે. જેમાં વિદ્યુત ક્ષેત્રને લગતા વ્યાપક શ્રેણીના વિષયો આવરી લેવામાં આવ્યા હતા. આ ગાળા દરમ્યાન મળેલ સંખ્યાબંધ પીટીશનો અને પ્રકીર્ણ અરજીઓ હાથ ધરી હતી.

આયોગના પ્રશુલ્ક હુકમો, પરવાનેદારો અને ગ્રાહકોના હિતોનું સંતુલન સાધવા વિચારાયેલ વીજળી અધિનિયમના અંતર્ગત સિદ્ધાંત પર આધારિત છે. આમ રોકાણકારોને વ્યાજબી વળતર અને તે જ વખતે ગ્રાહકો પર ભારે બોજો નિવારવાનું સુનિશ્ચિત કરતા બેવડા ઉદેશો સિદ્ધ કરે છે. આમ, એકંદરે હેતુ વિદ્યુત ક્ષેત્રનો સમતોલ અને વેગીલા વિકાસનો છે.

ગુજરાતમાં વિજળી ક્ષેત્રની રૂપરેખાનું આર્કષણ લક્ષણ ગુજરાતના લોકોને પરવડી શકે તેવી અને ભરોસાપાત્ર વીજળી પૂરી પાડવાના વીજળી અધિનિયમના ચાવીરૂપ ઉદ્દેશને હાંસલ કરવા ઉપરાંત સરકારી માલિકીની વીજ કંપનીઓ તથા ખાનગી ક્ષેત્રની વીજ કંપનીઓએ ટકાઉ વૃદ્ધિ અને વિકાસમાં નોંધપાત્ર ફાળો આપ્યો છે.

અધિનિયમની જોગવાઈઓ અનુસાર રાજ્ય સલાહકાર સમિતિ અને રાજ્ય સંકલનના ફોરમ વારંવાર વિવિધ પ્રશ્નોની ચર્ચા કરવા મળે છે. રાજ્ય સલાહકાર સમિતિના સભ્યો, આયોગની વિવિધ પહેલ, પગલાંની પાછળનું માર્ગદર્શક બળ ધરાવે છે. એ પણ નોંધનીય છે કે તમામ વીજ કંપનીઓ દ્વારા ફરિયાદોના નિવારણ માટે ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમની સ્થાપના કરવામાં આવી છે. તંત્ર વ્યવસ્થા સારી રીતે કામ કરે છે. આયોગે પણ વિદ્યુત લોકપાલની કચેરીની સ્થાપના કરી છે. જે ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમના નિર્ણયો સામેનું અપીલ તંત્ર છે. એ બાબત સુવિદિત છે કે,

ભારત જેવા વિકાસશીલ દેશની સામાજિક અને આર્થિક સમૃદ્ધિ પર પર્યાવરણમાં ફેરફારને કારણે ગંભીર પડકાર ઊભા થયા છે. ભારત સરકારના પર્યાવરણ ફેરફાર અંગેની રાષ્ટ્રીય પગલાં નીતિથી ટકાઉ વિકાસને અગ્રતા અને પર્યાવરણીય ફેરફારના પ્રશ્નોના ઉકેલ માટેનું માળખું ઊભું કરવાનું સુનિશ્ચિત કરે છે. વિદ્યુત અધિનિયમ ૨૦૦૩, રાષ્ટ્રીય વિદ્યુત નીતિ અને પ્રશુલ્ક નીતિ હરિત ઉર્જા માટે કાયદાકીય અને નીતિવિષયક માળખું પૂરું પાડે છે. પુર્નપ્રાપ્ય ઉર્જાને ઉત્તજેન આપવા માટે ભારત સરકારે સંખ્યાબંધ પગલાં લેવાની પહેલ કરેલ છે. જવાહરલાલ નેહરુ રાષ્ટ્રીય સૌર ઉર્જા મિશન એ અગત્યની પહેલ છે. પવન શક્તિ આધારિત ઉર્જાના ઉત્પાદન માટે પ્રોત્સાહક યોજનાઓ પણ અમલમાં છે. અને સોલાર રૂફ ટોપ પ્રોજેક્ટ બાયોમાસ પ્રોજેક્ટ માટે મૂડીગત સહાયની જોગવાઈનો સમાવેશ થાય છે. ગુજરાત સરકારે આ દિશામાં પાયાના પ્રયત્નો કરેલા છે.

ઉપરના પાસાને લક્ષમાં લઈ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગે સંખ્યાબંધ નવા પગલાં લીધા છે. ગુજરાત વિદ્યુત નિયંત્રક સૌર ઉર્જા આધારિત સર્વગ્રાહી પ્રશુલ્ક નિર્ધારિણ કરનાર દેશનું પ્રથમ આયોગ છે. રાષ્ટ્રીય કક્ષાએ પ્રારંભમાં આ બાબતે કેટલીક ટીકાઓ પણ થયેલ. પ્રશુલ્ક નિર્ધારિણ અવાસ્તવિક છે તેવી લાગણી હતી, અનુભવે દર્શાવેલ છે કે પ્રશુલ્ક નિર્ધારિણ એ રોકાણકારોના હિત તથા ઉપભોક્તાના હિત વચ્ચે સંતુલન જાળવનાર હિંમતભરી પહેલ હતી. સૂર્ય ઉર્જાના ટકાઉ વિકાસ માટે તર્કસંગત અભિગમ હતો.

તાજેતરમાં ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગે પવનશક્તિ, બાયોમાસ તથા બગાસ આધારિત ઉર્જા પ્રકલ્પોના પ્રશુલ્ક નિર્ધારિણ તથા નિયંત્રક માળખાને અદ્યતન બનાવેલ છે. બદલાયેલ આર્થિક સંજોગો તથા કિંમતમાં વધારાને ધ્યાનમાં લઈને પ્રશુલ્ક નિર્ધારિણ તાંત્રિક તથા વાણિજ્યિક બાબતો જેવા પ્રશ્નોને હલ કરવામાં આવેલ છે. આયોગે પવન આધારિત ઉર્જાના પ્રશુલ્કમાં રૂ. ૩.૩૭થી વધારીને રૂ. ૩.૫૬ પ્રતિ યુનિટ કરેલ છે. અને સામી સહાયકી સિવાય ત્રાહિત પક્ષકારને વેચાણ માટે છૂટ આપેલ છે.

પ્રકલ્પ વિકાસ કરનારને વિકાસના પગલાં તરીકે, નીચા પ્રવાહને ઓછા દરે, ઉર્જા પ્રવહનની છૂટ આપેલ છે. પુનઃપ્રાપ્ય ઉર્જાના પરિપ્રેક્ષ્યમાં ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગે તેને વિનિયમોમાં પુનઃપ્રાપ્ય ઉર્જાના પ્રમાણપત્રનો સમાવેશ કરેલ છે. પુનપ્રાપ્ય ઉર્જાની પ્રમાણપત્રનું માળખું ખૂબ જ જરૂરી છે કારણ કે તે ઉત્પાદકો, યુટીલીટી અને અન્ય એકમોને બહોળી પસંદગી પૂરી પાડે છે અને પુર્નપ્રાપ્ય ઉર્જા માટે બજાર માટેનું વ્યાવસાયિક માળખું પૂર પાડે છે. આયોગે પુર્નપ્રાપ્ય ઉર્જા બંધનની ટકાવારી ૨% થી વધારીને ૫%, ૬%, ૭% વર્ષ ૨૦૧૦-૧૧, ૨૦૧૧-૧૨ અને ૨૦૧૨-૨૦૧૩ માટે સુધારેલ છે.

ગ્રાહક તકરાર નિવારણ અને લોકભાગીદારી પર ખૂબ જ લક્ષ આપવામાં આવે છે. કાયદાની જોગવાઈ મુજબ રચવામાં આવેલ રાજ્ય સલાહકાર સમિતિ અને રાજ્ય સંકલન સમિતિના સભ્યો નિયમિત રીત મળે છે અને વિવિધ બાબતોની ચર્ચા કરે છે. રાજ્ય સલાહકાર સમિતિના સભ્યોએ કમિશન દ્વારા કરવામાં આવતી પહેલમાં અગત્યનો ભાગ ભજવે છે. રાજ્યની તમામ યુટીલીટીએ ગ્રાહક તકરાર નિવારણ માટે ફોરમની રચના કરેલ છે. જે નોંધપાત્ર બાબત છે. ફોરમના સભ્યો સાથે નિયમિત રીતે આદાનપ્રદાન અંગેની પદ્ધતિ કમિશને દાખલ કરી છે. તા. ૩૧ ડિસેમ્બર, ૨૦૦૯ના રોજ કમિશને સૌ પ્રથમ વખત સ્વતંત્ર વિદ્યુત લોકપાલની નિમણૂંક કરેલ છે.

આ વાર્ષિક અહેવાલ ફક્ત ચાલુ વર્ષ દરમ્યાન કરવામાં આવેલ કામગીરીની વિગતો જ નહિં પરંતુ જે બાબતો પર વધુ લક્ષ આપવાની જરૂર છે. તેમાં પુનઃ પ્રાપ્ય ઉર્જા અને નિર્મળ ઉર્જા, વધુ સારા ધારણો સાબિત કરવા, ગ્રાહક તકરાર નિવારણ વધુ સારું બનાવવું. સ્પર્ધાને ઉત્તજેન આપવું, વિતરણ ઘટાડા અને ઉર્જા હિસાબો અન્વેષણ દ્વારા કાર્યક્ષમતામાં વધારો કરવો.

Kmisha

**ડૉ. પી. કે. મિશ્રા**

અધ્યક્ષ

# સને ૨૦૦૯-૧૦ની પ્રવૃત્તિ વિશેષતા.

- શ્રી પ્રવિણભાઈ પટેલે તા. ૬-૮-૨૦૦૯ના રોજ સભ્ય (તાંત્રિક) તરીકે કાર્યભાર સંભાળ્યો.
- ૨૦૦૯-૧૦ના વર્ષ માટે પ્રશુલ્ક નિર્ધારણ :
  આયોગે સને ૨૦૦૯-૧૦ના વર્ષ માટે ટોરન્ટ પાવર લિ. માટે પ્રશુલ્ક નિર્ધારણ હુકમો તા. ૯ ડિસેમ્બર, ૨૦૦૯ના રોજ જારી કર્યા. અને રાજ્ય વીજ ઉત્પાદન કં. (GSECL), રાજ્ય વીજ પ્રવાહન નિગમ (GETCO), વીજ વિતરણ કંપનીઓ (ઉ.ગુ.વી.કં.લિ., ૫.ગુ.વી.કં.લિ., મ.ગુ.વી.કં.લિ., દ.ગુ.વી.કં.લિ.) માટે તા. ૧૪ ડિસેમ્બર ૨૦૦૯ના રોજ પ્રશુલ્ક નિર્ધારણ હુકમો જાહેર કર્યા. આ આદેશો બહુવર્ષીય પ્રશુલ્કના નિયંત્રણ ગાળાના બીજા વર્ષ માટેના હતા.

- સને ૨૦૧૦-૧૧ના વર્ષ માટે પ્રશુલ્ક નિર્ધારણ :
  આયોગે વર્ષ ૨૦૧૦-૨૦૧૧ માટે ટોરન્ટ પાવર લિ., રાજ્ય વીજ ઉત્પાદન કંપની (GSECL), રાજ્ય વીજ પ્રવાહન નિગમ (GETCO), વીજ વિતરણ કંપનીઓના (ઉ.ગુ.વી.કં.લિ., ૫.ગુ.વી.કં.લિ., મ.ગુ.વી.કં.લિ., દ.ગુ.વી.કં.લિ.) પ્રશુલ્ક નિર્ધારણના આદેશો તા. ૩૧ માર્ચ ૨૦૧૦ના રોજ કર્યા.

- ૩૫ પીટીશનો, ૮ પ્રકીર્ણ અરજીઓ અને ચાર પરવાના અરજીઓનો નિકાલ કર્યો.

- પવન આધારિત ઉર્જા માટેના પ્રશુલ્ક આદેશ નં. ૧/૨૦૧૦ તા. ૩૦ જાન્યુઆરી, ૨૦૧૦ના રોજ જારી કરવામાં આવ્યો.

- સૌર ઉર્જા આધારિત ઉત્પાદન પ્રશુલ્ક આદેશ નં. ૨/૨૦૧૦ના તા. ૨૯ જાન્યુઆરી, ૨૦૧૦ના રોજ જારી કરવામાં આવ્યો.

- આયોગ વર્ષ ૨૦૦૮-૦૯ના વાર્ષિક વહીવટી અહેવાલ અને વાર્ષિક હિસાબો સમયસર પ્રસિદ્ધ કરવામાં આવ્યા અને રાજ્ય વિધાનસભામાં ફેબ્રુઆરી ૨૦૧૦માં રજૂ કરવામાં આવ્યા.

- વિવિધ બેઠકો નીચે દર્શાવેલ વિગતે યોજવામાં આવેલ હતી.
  - રાજ્ય સલાહકાર સમિતિ : તા. ૪ ડિસેમ્બર, ૨૦૦૯
  - રાજ્ય સંકલન સમિતિ : તા. ૧૫ ડિસેમ્બર, ૨૦૦૯
  - ગ્રાહક તકરાર નિવારણ ફોરમ : તા. ૧૮ જાન્યુઆરી, ૨૦૧૦

- મહાનુભાવોની મુલાકાત :
  - વિદ્યુત માટેની અપીલ ટ્રિબ્યુનલના માનનીય અધ્યક્ષ ન્યાયાધીશ શ્રી કરપગા વિનાયગમે તા. ૨૧-૨૩ નવેમ્બર દરમિયાન મુલાકાત લીધી.
  - મધ્યપ્રદેશ વિદ્યુત નિયંત્રક આયોગના અધ્યક્ષ શ્રી જે. એલ. બોઝે તા. ૨૬-૨૮ જાન્યુઆરી, ૨૦૧૦ના રોજ રાજ્યની મુલાકાત લીધી. આ મુલાકાત દરમિયાન તેમણે માન. સભ્યશ્રી( તાંત્રિક

સચિવ શ્રી તથા નાયબ નિયામકશ્રી (વહીવટ અને હિસાબ) સાથે આયોગનું મહેકમ, વાર્ષિક અહેવાલ, વાર્ષિક હિસાબો, પ્રશુલ્ક હુકમો અને વિવિધ વિનિયમો અંગે ચર્ચા કરી.

- ભારતીય પ્રબંધ સંસ્થા (IIM) અમદાવાદ ખાતે નિયંત્ર ફોરમ દ્વારા યોજવામાં આવેલા રાજ્ય નિયંત્રક આયોગના અધ્યક્ષ માટેના ઓરીએન્ટેશન કાર્યક્રમમાં ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના અધ્યક્ષ ડૉ. પી. કે. મિશ્રાએ હાજરી આપી. આ કાર્યક્રમં તા. ૩૦ મે-૭ જૂન ૨૦૦૯ દરમિયાન યોજવામાં આવેલ હતો જેમાં લંડનની મુલાકાતનો સમાવેશ થાય છે. તે દરમિયાન બ્રિટનના ઉર્જાક્ષેત્રના સુધારા બાબતે વિગતો મેળવવામાં આવી હતી.

- ડૉ. પી. કે. મિશ્રાએ 'સાર્ક' આપત્તિ વ્યવસ્થાપન પ્રબંધન નવી દિલ્હી દ્વારા યોજાયેલ 'અર્થક્વેક રિસ્ક મેનેજમેન્ટ' અંગેના પાકિસ્તાન, ઇસ્લામાબાદ ખાતે તા. ૮-૯ ઓક્ટોબર, ૨૦૦૯ના રોજ યોજાયેલ કાર્ય શિબિરમાં સન્માનનીય આમંત્રિત તરીકે હાજરી આપી.

- ડૉ. પી. કે. મિશ્રાએ વૈશ્વિક વિદ્યુત નિયંત્રક પરિષદ તથા ગ્રીક વિદ્યુત નિયંત્રક દ્વારા વિદ્યુત વિનિયમો અંગેની ચોથી વૈશ્વિક પરિષદ જે તા. ૧૮-૨૨ ઓક્ટોબર, ૨૦૦૯માં એથેન્સમાં યોજાયેલ હતી. તેમાં ભાગ લીધો હતો.

# ૧. આયોગનું વ્યવસ્થાતંત્ર

## ૧.૧ આયોગ

ડૉ. પી. કે. મિશ્રાએ અધ્યક્ષ તરીકે સમગ્ર વર્ષ દરમિયાન સેવાઓ આપી હતી. આયોગના સભ્ય ડૉ. મનમોહન તા. ૧૧-૫-૨૦૦૯ના રોજ નિવૃત્ત થયેલ હતા. શ્રી પ્રવિણભાઈ પટેલની આયોગના સભ્ય તરીકે તા. ૬ ઓગષ્ટ, ૨૦૦૯ના રોજ નિમણૂંક થઈ. આયોગના સભ્યની એક જગ્યા સમગ્ર વર્ષ દરમ્યાન ખાલી રહેલ હતી.

## ૧.૨ આયોગની કચેરી

આયોગના સચિવ શ્રી. પી. એસ. શાહ, આઈ.એ.એસ. તા. ૩૧મી જુલાઈ, ૨૦૦૯ના રોજ નિવૃત્ત થયેલા હતા. શ્રી એમ. એન. ખલ્યાણી, નાયબ નિયામકશ્રીએ (વહીવટ) તા. ૧લી ઓગષ્ટ, ૨૦૦૯થી તા. ૧૮મી સ્પટેમ્બર, ૨૦૦૯ દરમ્યાન સચિવશ્રી તરીકેનો કાર્યભાર સંભાળેલ હતો. શ્રી સંજય નંદન અગ્રવાલ, આઈ.એ.એસ. તા. ૧૮મી સ્પટેમ્બર, ૨૦૦૯ના રોજ સચિવશ્રી તરીકે કાર્યભાર સંભાળેલ હતો.

આયોગની કચેરી નેપચ્યુન ટાવર, આશ્રમરોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૯ ખાતે ભાડાના મકાનમાં કાર્યરત છે.

## ૧.૩ પૂર્વ જરૂરી સગવડો

**કચેરીનું મકાન :** આયોગ પીટિશન અને અપીલોની સુનાવણી માટે ખાસ કોર્ટરૂમ, બેઠકો યોજવા કોન્ફરન્સ હોલ અને રેકર્ડ માહિતી તથા સાહિત્ય સુગમતાથી મળે તે માટે ગ્રંથાલય સાથેની સાધન સજ્જ કચેરી ધરાવે છે. આયોગ જરૂરી અદાલતી સંદર્ભો પ્રાપ્ત કરવામાં મદદ કરવા તે સુપ્રીમકોર્ટના કેસોના ઓનલાઇન સિંગલ યુઝર લાઇસન્સ પણ ધરાવે છે.

**સ્થાનિક વિસ્તાર નેટવર્ક અને વેબસાઇટ :** આયોગની કચેરીની કોમ્પ્યુટર સિસ્ટમ એલ.એ.એન. મારફતે જોડી છે. કોઈ પણ સંદર્ભમાં માહિતી પ્રાપ્ત કરવા વેબસાઇટ (www.gercin.org) છે. જેને આયોગની કચેરી નિયમિત જાળવે છે અને અદ્યતન રાખે છે. આયોગની વેબસાઇટને વપરાશકર્તાઓ માટે વધુ મૈત્રીપૂર્ણ બનાવવા તાજેતરમાં ફરીથી તૈયાર કરવામાં આવી રહી છે. સુનાવણી નિયત સમયપત્રકો, સમાચાર, અદ્યતન સામગ્રી, આદેશો મૂકવા તથા વિભાવનાના પેપર્સ અંગે અભિપ્રાયો મંગાવવા, વિનિયમો, પીટિશનો, ટેન્ડરો (RFP) અને ખાલી જગ્યાઓ અંગે જાહેરાત કરવા વપરાય છે. તથા ગ્રાહકોની તેમની ફરિયાદોના નિવારણ માટે ફોરમ અને વિદ્યુત લોકપાલ અંગે પણ માહિતી પૂરી પાડવામાં આવે છે. તથા ગ્રાહકોની તેમની ફરિયાદોના નિવારણ માટે માર્ગદર્શન આપે છે. વધુમાં વેબસાઇટ ઉપર ડાઉનલોડ કરી શકાય તેવા ઢાંચામાં અધિસૂચિત વિનિયમો, આદેશો અને અહેવાલો જેવી માહિતી પણ મળે છે.

## ૧.૪. સ્ટાફ

આયોગનો સ્ટાફ સીધી ભરતીથી કે કરાર કે પ્રતિનિયુક્તિના ધોરણે નિયુક્ત કરાય છે. જોડાણ-૧માં આયોગના સ્ટાફની સ્થિતિ અને જોડાણ-૨માં આયોગના વ્યવસ્થાતંત્રનો ચાર્ટ દર્શાવ્યો છે. તા. ૩૧-૩-૨૦૧૦ના રોજ આયોગના અધિકારીઓ અને સ્ટાફની વિગતો પત્રક મુજબ છે.

| ક્રમ | કર્મચારીનું નામ | હોદ્દો |
|---|---|---|
| ૧ | **શ્રી પી. એસ. શાહ. આઇ.એ.એસ.** (તા. ૩૧-૭-૨૦૦૯ સુધી) | **સચિવ** |
| | **શ્રી સંજય નંદન અગ્રવાલ આઇ.એ.એસ.** (તા. ૧૯-૯-૨૦૦૯ થી) | **સચિવ** |
| ૨ | **શ્રી એમ. એન. ખલ્યાણી જી.એ.એસ.** | **નાયબ નિયામક (વહીવટ અને હીસાબ)** |
| ૩ | **શ્રી ડી. આર. પરમાર** | **સંયુક્ત નિયામક (ટેકનિકલ)** |
| ૪ | **શ્રી એસ. આર. પાન્ડે** | **કાનુની સલાહકાર** |
| ૫ | **કુ. સી. એન. ભટ્ટ** | **હિસાબી અધિકારી (વર્ગ-૧)** |
| ૬ | **શ્રી બી. એસ. જયસ્વાલ** (તા. ૩૧-૩-૨૦૧૦ સુધી) | **પરામર્શક (કાનૂની)** |
| ૭ | **શ્રીમતિ એમ. વાય. શાહ** (તા. ૮-૧-૨૦૧૦ થી) | **પરામર્શક (કાનૂની)** |
| ૮ | **શ્રી બી.આર. જોષી** | **પરામર્શક (તાંત્રિક)** |
| ૯ | **શ્રીમતિ એ. એસ. દાણી** | **નાયબ નિયામક** |
| ૧૦ | **શ્રી એસ. ટી. અનડા** | **નાયબ નિયામક** |
| ૧૧ | **શ્રી જી. એચ. પટેલ** | **નાયબ નિયામક** |
| ૧૨ | **શ્રી. ડી. આર. પરમાર** | **એક્ઝીક્યુટીવ** |
| ૧૩ | **શ્રી ડી.ટી. શાહ** | **એક્ઝીક્યુટીવ** |
| ૧૪ | **શ્રી એન. બી. પટેલ** (તા. ૧-૧૨-૨૦૦૯ સુધી) | **એક્ઝીક્યુટીવ** |
| ૧૫ | **કુ. ડી. એસ. મહેતા** (તા. ૧૧-૮-૨૦૦૯ સુધી) | **એક્ઝીક્યુટીવ** |
| ૧૬. | **શ્રી આર.પી. જાની** | **એક્ઝીક્યુટીવ** |
| ૧૭ | **શ્રી જિજ્ઞેશ મકવાણા** (તા. ૧-૧-૨૦૧૦ થી) | **એક્ઝીક્યુટીવ** |
| ૧૮ | **શ્રીમતિ કાજલ બી. ચૌધરી** (તા.૨૮-૧-૨૦૧૦ થી) | **એક્ઝીક્યુટીવ** |
| ૧૯ | **શ્રી પી. આર. શશી** | **અંગત મદદનીશ** |
| ૨૦ | **શ્રી બેબી વર્ગીસ** | **અંગત મદદનીશ** |
| ૨૧ | **શ્રી આર. જી. પિલ્લાઈ** | **અંગત મદદનીશ** |
| ૨૨ | **શ્રી આર. પી. નાયર** | **અંગત મદદનીશ** |
| ૨૩ | **શ્રીમતિ પી. એ. ક્રિશ્ચીયન** | **અંગત મદદનીશ** |

**આ ઉપરાંત આયોગમાં પાંચ ડ્રાયવર અને વર્ગ-૪ના ચાર કર્મચારીઓ છે.**

# ૨. આયોગના કાર્યો

## ૨.૧ આદેશ (મેન્ડેટ) :

૨૦૦૩ના વીજળી અધિનિયમનું ધ્યેય વીજળીના, ઉત્પાદન, પ્રવહન, વિતરણ, વેપાર અને ઉદ્યોગને લગતા કાયદાઓનું એકત્રીકરણ, સામાન્ય રીતે વીજળી ઉદ્યોગના વિકાસના વાહક પગલા લેવા તેમાં સ્પર્ધાને ઉત્તેજન, ગ્રાહકોના હિતોનું રક્ષણ, તમામવિસ્તારોમાં વીજળીનો પુરવઠો સુનિશ્ચિત કરવાનું, વીજળી, પ્રશુલ્કનું સુઆયોજન, આર્થિક સહાયકીને લગતી પારદર્શક નીતિઓ સુનિશ્ચિત કરવાનું કાર્યદક્ષ અને પર્યાવરણની દૃષ્ટિએ હિતકારક નીતિઓને પ્રોત્સાહન, કેન્દ્રીય વીજતંત્ર આયોગોની રચના તથા વીજળી માટે અપીલ પંચની સ્થાપના કરવાનું છે. ગ્રાહકો તેમજ વીજ પુરવઠાકારોના હિતને લક્ષમાં રાખીને ખુલ્લા નિષ્પક્ષ સ્પર્ધાત્મક બજાર સંચાલિત વાતાવરણમાં વીજળી ક્ષેત્રના વિકાસને વાહક સક્ષમ માળખું ઉભું કરવાનું પણ તેમનું ધ્યેય છે. આ સંદર્ભમાં વીજળી, અધિનિયમમાં વિચારાયેલ ઉદ્દેશો સાકાર કરવા આયોગની ભૂમિકા સૌથી અગત્યની છે.

## ૨.૨ કાર્યો :

૨૦૦૩ના વીજળી અધિનિયમની કલમ-૮૬ અનુસાર આયોગને નીચેના કાર્યો હાથ ધરવા આદેશ આપ્યો છે.

(ક) રાજ્યની અંદર જથ્થાબંધ મોટા જથ્થામાં કે છૂટક જે હોય તે પ્રમાણે વીજળીના ઉત્પાદન, પુરવઠા, પ્રવહન અને વ્હીલીંગ માટે પ્રશુલ્ક નક્કી કરવું.

(ખ) રાજ્યની અંદર વીજ ઉત્પાદન કંપનીઓ કે પરવાનેદારો પાસેથી અથવા વિતરણ અને પુરવઠા માટે વીજ ખરીદીની સમજૂતીઓ મારફત બીજા સ્ત્રોતોમાંથી જે ભાવે વીજળી મેળવવાની હોય તે સહિત વિતરણ પરવાનેદારોની વીજ ખરીદી અને પ્રાપ્તિપ્રક્રિયા નિયંત્રિત કરવી.

(ગ) આંતર રાજ્ય વીજપ્રવહન અને વ્હીલીંગની સગવડ કરવી.

(ઘ) પ્રવહન પરવાનેદારો, વિતરણ પરવાનેદારો અને વીજળીના વેપારીઓને રાજ્યમાં તેમની કામગીરી સંબંધમાં કામકરવા માગતી વ્યક્તિઓને લાઇસન્સ આપવા.

(ચ) ગ્રીડ સાથેના જોડાણ માટે યોગ્ય પગલાંની જોગવાઈ કરીને, નવીનીકરણપાત્ર સાધનોમાંથી વીજળીના સહઉત્પાદન અને ઉત્પાદનને કોઈ પણ વ્યક્તિને વેચાણ માટે પ્રોત્સાહન આપવું અને આવા સાધનોમાંથી વીજળીની ખરીદી માટે વિતરણ લાઇસન્સના વિસ્તારમાં વીજળીના કુલ વપરાશની ટકાવારી પણ નક્કી કરવી.

(છ) પરવાનેદારો અને વીજઉત્પાદન કંપનીઓ વચ્ચેની તકરારો અંગે ન્યાય નિર્ણય આપવો અને લવાદને કોઈ તકરાર અંગે પૂછાણ કરવું.

(જ) અધિનિયમ હેતુસર ફી વસુલ કરવી.

(ઝ) અધિનિયમની કલમ-૭૯ની પેટા કલમ (૧)ના ખંડ અન્વયે કેન્દ્રીય વીજ નિયંત્રક આયોગ દ્વારા નિર્દિષ્ટ ગ્રીડ કોડ સાથે સુસંગત રાજ્ય ગ્રીડ કોડ નિર્દિષ્ટ કરવો.

(ટ) પરવાનેદારોની સર્વિસની ગુણવત્તા સાતત્ય અને વિશ્વસનીયતા સંબંધમાં ધોરણો નિર્દિષ્ટ કરવા અને અમલમાં મૂકવા.

(ઠ) જરૂરી લાગે તો વીજળીના આંતરરાજ્ય વેપારઅંગેનો માર્જિન નક્કી કરવો.

(ડ) અધિનિયમ અન્વયે તેમને સોપવામાં આવે તેવા બીજા કાર્યો બજાવવા.

## ૨.૩ વિનિયમો :

૨૦૦૩ના વીજળી અધિનિયમોની કલમ-૧૮૧ અન્વયે આયોગે સામાન્ય રીતે અધિનિયમોની જોગવાઈઓ અમલમાં મૂકવા આયોગે અધિનિયમ સાથે સુસંગત વિનિયમો બનાવવાના છે. આયોગે જોડાણ-૩માં વિગત આપ્યા પ્રમાણે અત્યાર સુધીમાં ૨૭ વિનિયમો બહાર પાડ્યા છે.

# ૩. ૨૦૦૯-૧૦ દરમિયાન પ્રવૃત્તિઓ

## ૩.૧ પ્રશુલ્ક નક્કી કરવો

વર્ષ દરમિયાન કમિશને રાજ્યમાં કાર્યરત તમામ યુટીલીટી માટે ૨ વર્ષ માટેના કંટ્રોલ પિરિયડ માટે ૨૦૦૮-૦૯ તથા ૨૦૧૦- ૧૧ માટે બે વર્ષના પ્રશુલ્ક આદેશ નક્કી કર્યા.

(૧) બહુવર્ષીય પ્રશુલ્ક માળખાના બીજા વર્ષના કંટ્રોલ પીરીયડ માટે (૨૦૦૯-૧૦) આદેશ ડિસેમ્બર ૨૦૦૯માં કરવામાં આવ્યા.

(૨) બહુવર્ષીય પ્રશુલ્કના ત્રીજા વર્ષના કંટ્રોલ પીરીયડ (૨૦૧૦-૧૧) માટે માર્ચ-૨૦૧૦માં કરવામાં આવ્યા.

આદેશની મુખ્ય વિશેષતાઓ નીચે પ્રમાણે છે

## ૩.૨ વર્ષ ૨૦૦૯-૧૦ માટેના પ્રશુલ્ક નક્કી કરવા.

### ૩.૨.૧ ટોરેન્ટ પાવર લિમિટેડ :

ટોરન્ટ પાવર લિમિટેડ ખાનગી વીજ કંપની છે. જે અમદાવાદમાં વીજ ઉત્પાદન સુવિધા અને અમદાવાદ, ગાંધીનગર તથા સુરતના વિસ્તારમાં વિતરણ પરવાના ધરાવે છે. ટોરન્ટ પાવર લિ. તા. ૧૨ મે, ૨૦૦૭ના રોજ આયોગ સમક્ષ સન ૨૦૦૮-૦૯ના વાર્ષિક કામગીરીની સમીક્ષા તથા ૨૦૦૯-૧૦ માટે એકંદર મહેસુલી જરૂરિયાત માટે પ્રશુલ્ક નિર્ધારણ અંગે પીટિશન દાખલ કરી.

વીજ અધિનિયમ ૨૦03ની જોગવાઈઓ અને પ્રવર્તમાન નિયમો અને વિનિયમોને ધ્યાને રાખી. આયોગે પીટિશનની ચકાસણી કરી હતી. આયોગે આ અંગે જાહેર જનતા તથા હિતધારકો પાસેથી વાંધા સૂચનો મંગાવેલ હતા. અને જાહેર સુનાવણી તા. ૩, ૫ અને ૧૨ ઓક્ટોબર, ૨૦૦૯ના રોજ રાખેલ હતી. હિતસંબંકર્તા તરફથી ૩૦ વાંધા મળેલ હતા. જેમાં કેટલાક ઉદ્યોગો, ચેમ્બર ઓફ કોમર્સ જેવા વ્યાપારી પ્રતિનિધિ, ગ્રાહક સંસ્થાઓ, ઉદ્યોગોના પ્રતિનિધિઓ તથા કેટલાકે વ્યક્તિગત ધોરણે સુનાવણીમાં ભાગ લઈ તેમના વિચારો રજૂ કર્યા. આયોગે ૯ ડિસેમ્બર, ૨૦૦૯ના રોજ આદેશ કર્યો ટીપીએલના પ્રશુલ્ક આદેશની મુખ્ય વિશિષ્ટતાઓ નીચે મુજબ છે.

બહુવર્ષીય પ્રશુલ્ક આદેશ ૨૦૦૮-૦૯ થી ૨૦૧૦-૧૧ના ગાળા માટે કરવામાં આવ્યો જેમાં આયોગે સુરત વીજ વિતરણ વિસ્તાર માટે વિતરણ ઘટ ૬% અને અમદાવાદ-ગાંધીનગર વિસ્તાર માટે ૧૦.૪૩% મંજૂર કરી. જો કે ટોરન્ટ પાવર લિ. દ્વારા ૨૦૦૮-૦૯ના વર્ષ માટે ખરેખર વીજ વિતરણ ઘટ સુરત વિસ્તાર માટે ૫.૫૧% અને અમદાવાદ, ગાંધીનગર વિસ્તાર માટે ૮.૬૯% પ્રાપ્ત કરી જે અંગે આયોગ દ્વારા કંપનીની પ્રશંસા કરવામાં આવી.

ટીપીએલના અમદાવાદ ખાતેના સાબરમતી અને વટવાના વીજ મથકોનું વર્ષ ૨૦૦૮-૦૯નું કુલ વીજ ઉત્પાદન ૧૦૦ મિલિયન યુનિટ જે MYT આદેશમાં અંદાજેલ ઉત્પાદન કરતા વધુ હતું. બહુવર્ષીય આદેશમાં અંદાજેલ કામગીરી કરતા કંપનીએ ખરેખર વધુ સારી કામગીરી બજાવેલ હતી.

સુજેન પાવર પ્રોજેક્ટ (૩ X ૩૭૬ મે. વો.) ઓગષ્ટ ૨૦૦૯થી સંપૂર્ણપણે કાર્યરત થયો. સુરત અને અમદાવાદ-ગાંધીનગર વિતરણ વિસ્તાર માટે સુજેનમાંથી પૂરવઠો મેળવવામાં આવે છે. સુજેન એકથી વધુ રાજ્યને લગતો મોટો પ્રકલ્પ હોવાથી તેના વીજ ઉત્પાદનનું પ્રશુલ્ક કેન્દ્રીય વિદ્યુત નિયંત્રક આયોગ દ્વારા નક્કી કરવામાં આવે છે.

બહુવર્ષીય પ્રશુલ્ક આદેશમાં અંદાજેલ ૪૯૨૨ MUની સામે સને ૨૦૦૮-૦૯માં અમદાવાદ ગાંધીનગર વિસ્તારમાં ખરેખર વીજ વેચાણ ૪૭૩૭ MU થયેલ હતું. આ જ રીતે, સુરત વિતરણ વિસ્તારમાં સને ૨૦૦૮-૦૯માં બહુવર્ષીય પ્રશુલ્ક આદેશમાં અંદાજેલ ૩૧૮૬ MUની સામે ખરેખર વીજ વેચાણ ૨૯૦૭ MU થયેલુ હતું. સને ૨૦૦૮-૦૯માં આર્થિક મંદીના કારણે વીજ વેચાણમાં ઘટાડો નોંધાયેલ હતો.

સને ૨૦૦૮-૦૯ની વાર્ષિક કામગીરી સમીક્ષાના આધારે આયોગે અમદાવાદ-ગાંધીનગર અને સુરત વિસ્તાર માટે સને ૨૦૦૯-૧૦ની એકંદર વાર્ષિક જરૂરિયાત સુધારેલ હતી. તદનુસાર અમદાવાદ-ગાંધીનગર વિસ્તાર માટે ચોખ્ખી એકંદર મહેસુલી જરૂરીયાત અગાઉ અંદાજેલ રૂ. ૨૧૯૫ કરોડની સામે રૂ. ૧૯૪૫ કરોડ નક્કી કરવામાં આવી અને સુરત વિસ્તાર માટે ચોખ્ખી એકંદર મહેસુલી જરૂરિયાત અગાઉ અંદાજેલ રૂ. ૧૩૭૫ કરોડ સામે રૂ. ૧૨૨૩ કરોડ નક્કી કરવામાં આવી. સને ૨૦૦૯-૧૦નો અમદાવાદ-ગાંધીનગર વિસ્તાર માટે ગાળો રૂ. ૪૧ કરોડ અને સુરત વિતરણ વિસ્તાર માટે રૂ.૧૩૨ કરોડ નક્કી થયો.

આમ છતાં, સને ૨૦૦૯-૧૦નો મોટા ભાગનો સમય વીતી ગયેલ હોવાથી અને પરવાનેદારે સને ૨૦૦૯-૧૦ની વાર્ષિક કામગીરી સમીક્ષા તથા સને ૨૦૧૦-૧૧ની પ્રશુલ્ક નિર્ધારણની પીટીશન આયોગ સમક્ષ તા. ૧૫ ડિસેમ્બર, ૨૦૦૯ સુધીમાં રજુ કરવાની હોવાથી આયોગે પ્રશુલ્ક દર નહીં સુધારવા અને વર્તમાન દર યથાવત રાખી તે મુજબ પ્રશુલ્ક વસુલવા ટીપીએલને આદેશ કર્યો.

### ૩.૨.૨ રાજ્ય સરકારની માલિકીની વીજ કંપનીઓ.

નીચે દર્શાવેલ રાજ્ય સરકારની માલિકીની વીજ કંપનીઓમાં બહુવર્ષીય પ્રશુલ્ક નિર્ધારિણ માળખા અંતર્ગત ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ સમક્ષ તા. ૨૧ ઓગસ્ટ ૨૦૦૯ના વાર્ષિક કામગીરીના મૂલ્યાંકન (એપીઆર) અને સને ૨૦૦૯-૧૦ના વર્ષ માટે એકંદરે મહેસુલી જરૂરિયાત (એઆરઆર) તથા પ્રશુલ્ક નિર્ધારિણ માટેની પીટિશન દાખલ કરી હતી

૧. ગુજરાત રાજ્ય વિદ્યુત નિગમલિ. (GSECL) રાજ્યની વીજ ઉત્પાદન કં.
૨. ગુજરાત ઊર્જા પ્રવહન નિગમલિ. (GETCO) રાજ્યની વીજ પ્રવહન કં.
૩. ઉત્તર ગુજરાત વીજ કંપની લિ. (UGVCL) ઉત્તર ગુજરાત માટે વીજ વિતરણ કં.
૪. દક્ષિણ ગુજરાત વીજ કંપની લિ. (DGVCL) દક્ષિણ ગુજરાત માટે વીજ વિતરણ કં.
૫. મધ્ય ગુજરાત વીજ કંપની લિ. (MGVCL) મધ્ય ગુજરાત માટે વીજ વિતરણ કં.
૬. પશ્ચિમગુજરાત વીજ કંપની લિ. (PGVCL) પશ્ચિમગુજરાત માટે વીજ વિતરણ કં.
૭. રાજ્ય વીજભાર (Dispatch) મથક (SLDC)

ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગે વીજ અધિનિયમ૨૦૦૩ની અંતર્ગત નિયત થયેલ કાર્યપ્રણાલિ તથા પ્રવર્તમાન નિયમો અને વિનિયમોના પરિપ્રેક્ષ્યમાં પીટિશનોની ચકાસણી કરી. આયોગે વિદ્યુત કંપનીઓની પીટિશનો માટે જાહેર જનતા તથા હિતસંબંધકર્તા તરફથી વાંધા સૂચનો મંગાવ્યા હતા અને તા. ૨૯અને ૩૦ ઓક્ટોબર ૨૦૦૯ના રોજ જાહેર સુનાવણી રાખેલ હતી. ૨૧ હિતસંબંધકર્તા તરફથી સૂચનો અને વાંધાઓ મળેલ હતા. સુનાવણીમાં સંખ્યાબંધ વ્યક્તિઓએ વ્યાપાર સંઘો જેમકે ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીઝ ઉદ્યોગ સંઘો અને ઉપભોક્તા સંગઠનોએ ભાગ લીધો હતો અને તેમના સૂચનો રજૂ કરેલ હતા. આયોગે તા. ૧૪ ડિસેમ્બર ૨૦૦૯ના રોજ આ વીજ કંપનીઓ માટેના હુકમો જારી કર્યા હતા.

### ૩.૨.૨.૧ ગુજરાત રાજ્ય વિદ્યુત નિગમ લિ. (GSECL)

GSECLએ ગુજરાત રાજ્યની માલિકીની વિદ્યુત ઉત્પાદન કંપની છે. જે રાજ્યના વીજ વિતરણ પરવાનેદારો માટે વિદ્યુત પ્રાપ્તિનો મુખ્ય સ્ત્રોત છે.

(૧) GSECLએ સને ૨૦૦૮-૦૯ દરમિયાન તેના વિદ્યુત ઉત્પાદન મથકો પર કુલ ૨૮,૩૮૮ મિલિયન યુનિટ વિદ્યુત ઉત્પાદન કરેલ હતું જેની સામે બહુવર્ષીય પ્રશુલ્ક નિર્ધારિણ હુકમમાં ૨૯,૯૪૯ મિલિયન યુનિટ વીજ ઉત્પાદન અંદાજવામાં આવેલ હતું.

(૨) આયાતી કોલસો, ગેસ વિ.ના બળતણના ભાવમાં વધારો થવાના કારણે સને ૨૦૦૮-૦૭ દરમિયાન થર્મલ વીજ મથકો પર વીજ ઉત્પાદનની વાસ્તવિક પડતર કિંમતમાં બહુવર્ષીય પ્રશુલ્ક નિર્ધારિણ હુકમમાં અંદાજિત વીજ ઉત્પાદન પડતરની સરખાણીએ ૨૮% વધુ હતી.

(૩) GSECLના લગભગ તમામ વિદ્યુત ઉત્પાદન મથકોએ ૨૦૦૮-૦૯ના વર્ષ દરમિયાન બહુવર્ષીય પ્રશુલ્ક હુકમના અંદાજ કરતા ખરેખર ઓછી ક્ષમતાથી કામગીરી કરેલ હતી. આયોગે બહુવર્ષીય પ્રશુલ્ક માળખા અંતર્ગત વીજ મથકોની ઓછી ક્ષમતાયુક્ત કામગીરીના કારણે વીજ ઉત્પાદનની ઇજાફા યુક્ત પડતરમાં થયેલા વધારા પૈકી ફક્ત એક તૃતિયાંશ રકમ વસૂલવાની છૂટ આપી.

### ૩.૨.૨.૨ ગુજરાત વિદ્યુત પ્રવહન નિગમ લિ. (GETCO)

જેટકો રાજ્ય પ્રવહન વીજ નિગમ છે રાજ્યમાં મુખ્ય (EHV) નેટવર્કની માલિકી ધરાવે છે. જેટકોએ સને ૨૦૦૮-૦૯ દરમિયાન તેના નેટવર્કની પ્રાપ્યતાના પરિપ્રેક્ષ્યમાં અંદાજિત પ્રાપ્યતા ૯૯.૩૩% ની સામે ખરેખર ૯૯.૫૬% પ્રાપ્યતા હાંસલ કરેલ છે જેટકો વિવિધ STU હેઠળની પ્રાપ્યતા આ મુજબ હતી. ૪૦૦ કે.વી. લાઇન્સ (૯૯.૬૯%), ૨૨૦ કે.વી. લાઇન્સ (૯૯.૦૩%), ૧૩૨ કે.વી. લાઇન્સ (૯૮.૯૫% ), ૬૬ કે.વી. લાઇન્સ (૯૯.૫૨%) અને સબસ્ટેશન (૯૯.૭૭%)

બહુવર્ષીય પ્રશુલ્ક નિર્ધારિણ હુકમમાં સને ૨૦૦૮-૦૯ના વર્ષ માટે જેટકોની પ્રવાહન ઘટ ૪.૦૯%ની આયોગે માન્ય રાખેલ હતી. આમ છતાં, ખરેખર પ્રવહન ઘટ ૪.૩૦% થયેલ હતી. જેટકોએ પીટિશનમાં સને ૨૦૦૯-૧૦ માટે પ્રવહન ઘટ ૪.૫૦% સૂચવેલ હતી પરંતુ આયોગે તે માન્ય રાખેલ ન હતા અને પ્રવહન ઘટ ૪.૨૫% સુધી ઘટાડવા સૂચના આપેલ હતી.

જેટકોને સને ૨૦૦૯-૧૦ માટે પ્રવહન દરમાં કોઈ ફેરફાર માન્ય રાખવામાં આવેલ નથી. આયોગે પ્રવર્તમાન દરે એટલે કે રૂા. ૨૪૧૦ મે.વો. પ્રતિદિનના દરે સને ૨૦૦૯-૧૦ માટે પ્રવહન ખર્ચ વસુલવા સૂચના આપેલ હતી.

જેટકોએ સને ૨૦૦૮-૦૯ દરમિયાન ૬૦ નવા ઇએચવી પેટા મથકો અને ૧૦૨૭ કિ.મી. લાઇન રૂા. ૮૧૩.૦૮ કરોડના ખરેખર મુડીકૃત ખર્ચથી સ્થાપેલ હતા. જેની સામે બહુવર્ષીય પ્રશુલ્ક નિર્ધારિણ હુકમમાં રૂા. ૭૫૬.૦૭ કરોડ મૂડીકૃત ખર્ચ માન્ય રાખવામાં આવેલ હતા. મૂડીકૃત ખર્ચમાં વધારો વર્તમાન તથા ભવિષ્યની વીજમાંગને પહોંચી વળવા મુખ્યત્વે પ્રવર્તમાન ક્ષમતામાં વધારો, નવીનીકરણ અને આધુનિકીકરણના કામોને કારણે હતા.

સને ૨૦૦૯-૧૦ના નાણાંકીય વર્ષ માટે આયોગે રૂા. ૧૩૯૩ કરોડના મૂડીકૃત ખર્ચને માન્ય કરેલ હતો જે નવી પ્રવહન લાઇનો નાખવી સબ સ્ટેશનો સ્થાપવા તથા નવીનીકરણ, આધુનિકીકરણ તથા પ્રવર્તમાન ક્ષમતામાં વધારાને લગતા કામો અંગે હતો.

### ૩.૨.૨.૩. સ્ટેટ લોડ ડીસ્પેચ સેન્ટર

વિદ્યુત ક્ષેત્રમાં સ્પર્ધાને ઉત્તેજન આપવા સને ૨૦૦૩ના વીજ અધિનિયમ મુજબ ખુલ્લા પ્રવેશને પ્રોત્સાહન આપવાનું જરૂરી છે. આ હેતુ માટે સ્ટેટ લોડ ડિસ્પેચ સેન્ટરની કામગીરી સ્વતંત્રપણે થાય તે જરૂરી છે આ બાબતે ઉર્જા મંત્રાલયે રાજ્યને રીંગ ફેન્સીંગ સ્ટેટ લોડ ડીસ્પેચ સેન્ટરને સ્વાયતત્તા આપવા સલાહ આપેલ હતી તદનુસાર આયોગે જેટકોને સને ૨૦૦૯-૧૦થી સ્ટેટ લોડ ડીસ્પેચ સેન્ટર (SLDC) માટે વાર્ષિક મહેસૂલી જરૂરિયાત માટે અલગ હિસાબો નિભાવવા નિર્દેશ કરેલ હતો. જેના પરિણામે SLDC એ પ્રથમવાર સને ૨૦૦૯-૧૦ માટે વાર્ષિક મહેસુલી જરૂરિયાત નિર્ધારણ માટે આયોગ સમક્ષ પીટિશન દાખલ કરેલ હતી. આયોગે SLDCની પીટિશનનું પૃથક્કરણ કરી રૂા. ૧૮.૫ કરોડની ARR માન્ય રાખેલ હતી.

### ૩.૨.૨.૪ વિતરણ કંપનીઓ (MGVCL, UGVCL, DGVCL અને PGVCL)

રાજ્ય સરકારની માલિકીની ચાર વીજ વિતરણ કંપનીઓ MGVCL, UGVCL, DGVCL અને PGVCL છે. PGVCL સિવાયની તમામ વીજ વિતરણ કંપનીઓએ ૧૫% થી ઓછી પ્રવહન ઘટ હાંસલ કરેલ છે. જે તેની કામગીરીમાં સુધારો સૂચવે છે.

સને ૨૦૦૮-૦૯ના વર્ષ માટેની રાજ્યની ચાર વીજ વિતરણ કંપનીઓની અંદાજિત તથા ખરેખર પ્રવહન ઘટ નીચે મુજબ છે.

| વીજ વિતરણ કંપની | બહુવર્ષીય પ્રશુલ્ક હુકમમાં દર્શાવેલ અંદાજિત પ્રવહન ઘટ | ખરેખર પ્રવહન ઘટ |
|---|---|---|
| ઉત્તર ગુજરાત વીજ કં લિ. (UGVCL) | ૧૬.૦૦% | ૧૪.૫૭% |
| દક્ષિણ ગુજરાત વીજ કં લિ. (DGVCL) | ૧૪.૪૫% | ૧૪.૭૮% |
| મધ્ય ગુજરાત વીજ કં લિ. (MGVCL) | ૧૫.૦૦% | ૧૪.૫૨% |
| પશ્ચિમ ગુજરાત વીજ કં લિ. (PGVCL) | ૩૦.૦૦% | ૩૨.૧૧% |

PGVCL સિવાયની તમામ વીજ વિતરણ કંપનીઓએ પ્રવહન ઘટના ઘટાડામાં સારી કામગીરી કરેલ છે.

આયોગે કંપનીઓની સને ૨૦૦૮-૦૯ના વર્ષની વાર્ષિક કામગીરીની સમીક્ષાને ધ્યાને લઈ સને ૨૦૦૯-૧૦ના વર્ષ માટે વીજ વિતરણ કંપનીઓની વાર્ષિક એકંદર મહેસુલી જરૂરિયાત અને નીપજેલ તફાવત નીચે મુજબ છે.

| વીજ વિતરણ કંપની | ARR | ઘટ / વધારો |
|---|---|---|
| ઉત્તર ગુજરાત વીજ કં લિ. | ૪,૧૦૭ | (૫૬૦) |
| દક્ષિણ ગુજરાત વીજ કં લિ. | ૩,૯૦૭ | ૯૧ |
| મધ્ય ગુજરાત વીજ કં લિ. | ૨,૩૪૯ | ૭૫ |
| પશ્ચિમ ગુજરાત વીજ કં. લિ. | ૫,૩૪૧ | (૪૭૩) |
| **કુલ** | **૧૫,૭૦૪** | **(૮૬૭)** |

આમ છતાં સને ૨૦૦૯-૧૦ના વર્ષનો મોટો ભાગ વીતી ગયેલ હોવાથી તથા વિતરણ પરવાનેદારો સને ૨૦૦૯-૧૦ના વર્ષના વાર્ષિક કામગીરી સમીક્ષાની તથા સને ૨૦૧૦-૧૧ની પ્રશુલ્ક નિર્ધારણની પીટિશન તા. ૧૫-ડિસેમ્બર-૨૦૦૯ સુધીમાં આયોગ સમક્ષ રજૂ કરવાની હોવાથી આયોગે પ્રશુલ્ક નહીં સુધારવાનું નક્કી કર્યું અને વિતરણ પરવાનેદારોને પ્રવર્તમાન દર પ્રશુલ્ક વસુલવા નિર્દેશ આપ્યા.

**કૃષિ માટે નવા પ્રશુલ્ક :**

સરદાર સરોવર યોજનાના કાર્યવિસ્તારમાં લિફ્ટ ઇરીગેશન યોજનાને પ્રોત્સાહિત કરવા આયોગે નીચા વીજભાર પર લિફ્ટ ઇરીગેશન માટે જોડાણ માટેની નવી પ્રશુલ્ક કક્ષાની દરખાસ્ત સ્વીકારેલ હતી. તદનુસાર ૧૨૫ બી.એચ.પી. સુધીના જોડાણો કે જે જમીન પરના સ્ત્રોત જેવા કે નહેરો, નદી, બંધ વિગેરે માંથી સીધું ખેડૂતોના ખેતરમાં પાણી પૂરું પાડવામાં આવે છે. તેને આ કક્ષામાં આવરી લીધેલ છે. રૂા. ૧.૬૦ પ્રતિ કિલોવોટ અને સ્થાયી ખર્ચ રૂા. ૨૫ પ્રતિ બી.એચ.પી. પ્રતિ માસ તે લાગુ પાડવામાં આવેલ છે.

## ૩.૩. ખુલ્લો પ્રવેશ - સને ૨૦૦૯-૧૦ માટે પ્રવહન દર, વ્હીલીંગ ચાર્જ અને સામી સહાયકી સરચાર્જ

### ૩.૩.૧ રાજ્યની કંપનીઓ

નાણાંકીય વર્ષ ૨૦૦૯-૧૦નો મોટા ભાગનો સમય વીતી ગયેલ હોવાથી આયોગે પ્રવહન દર વ્હીલીંગ દર અને સામી સહાયકીના વધારાના દર પ્રવર્તમાન દરે ચાલુ રાખવા ઠરાવ્યું. આયોગે એકંદર મહેસુલી જરૂરિયાત અને પ્રશુલ્ક નિર્ધારણ વર્ષ ૨૦૧૦-૧૧ દરમિયાન સમીક્ષા કરવાનું નક્કી કર્યું.

### ૩.૩.૧.૧પ્રવહન દર

જેટકાના પ્રવહન માળખાના ઉપયોગ માટે નીચે પ્રમાણેના પ્રવહન દર લાગુ પાડવામાં આવેલ હતા. આ દર પ્રવહન પરવાનેદારો, વીજ ઉત્પાદન કરતી કંપનીઓ, વીજ વિતરણ પરવાનેદારો અને અન્ય પરવાનેદારો તથા જે ગ્રાહકો વીજ અધિનિયમની કલમ ૪૨ (૨) નીચે ખુલ્લા પ્રવેશની મંજૂરી ધરાવે છે તેમને લાગુ પાડવામાં આવેલ હતા.

આયોગે ૨૦૦૮-૦૯ના વર્ષમાં જેટકોના પ્રવહન માળખાના ઉપયોગ માટેના મંજૂર કરેલા દર રૂ. ૨૪૧૦ પ્રતિ મે.વો./ પ્રતિદિન હતા. આ દર ૨૦૦૯-૧૦ના વર્ષમાં પણ અમલમાં રહેલ છે. લાંબા ગાળાના અને ટૂંકાગાળાના ખુલ્લા પ્રવેશના વપરાશકારો માટે પ્રવહન દર લાગુ પાડમાં આવેલ છે.

લાંબા ગાળાના ખુલ્લા પ્રવેશના વપરાશકારો = રૂ. ૨૧૪૦ મે.વો./ પ્રતિદિન
ટૂંકા ગાળાના ખુલ્લા પ્રવેશના વપરાશકારો = રૂ. ૬૦૩ મે.વો./ પ્રતિદિન
(લાંબા ગાળાના ખુલ્લા પ્રવેશના વપરાશકારોના દરના ૧/૪)

ટૂંકા ગાળા માટે ખુલ્લા પ્રવેશના વપરાશકારો માટેના પ્રવહન દરો તેમને જેટલા કલાકો માટે ખુલ્લા પ્રવેશની મંજૂરી આપેલ હોય તેના પર આધારિત છે.

| | | | |
|---|---|---|---|
| અ | એક સાથે છ કલાક સુધી ઉપયોગ (ટુંકા ગાળાના દરના ૧/૪) દા.ત. ૬૦૩/૪ | = | રૂ. ૧૫૧/- પ્રતિ મે.વો. |
| બ | છ કલાકથી વધુ પરંતુ બાર કલાકથી ઓછા (ટૂંકા ગાળાના દરના ૧/૨) દા.ત. ૬૦૩/૨ | = | રૂ. ૩૦૨/- પ્રતિ મે.વો. |
| ક | બાર કલાકથી વધુ ચોવીસ કલાક સુધી | = | રૂ. ૬૦૩/- પ્રતિ મે.વો. |

આ ઉપરાંત વિતરણ ઘટ ૪.૦૯% અને આયોગના ખુલ્લા પ્રવેશના વિનિયમોમાં દર્શાવેલ અન્ય દરો લાગુ પડશે.

**૩.૩.૧.૨. વ્હીલીંગ ચાર્જીસ :**

વીજ અધિનિયમ ૨૦૦૩ની કલમ ૪૨ (૨) નીચેના ખુલ્લા પ્રવેશના પરવાનેદારો કેપ્ટીવ પાવર પ્લાન્ટ, અન્ય વીજ ઉત્પાદન કંપનીઓ અને અન્ય વીજ વિતરણ પરવાનેદારો જયારે રાજ્ય સરકારની માલિકીની વીજ કંપનીઓના વીજ વિતરણ માળખાનો ઉપયોગ કરે ત્યારે તેમના માટે વ્હીલીંગ ચાર્જીસ વર્ષ ૨૦૦૯-૧૦ (એટલે કે નિયંત્રણ ગાળો ૨૦૦૮-૦૯થી ૨૦૧૦-૧૧ના બીજા વર્ષ માટે) નીચે પ્રમાણે નક્કી થયો છે.

| | | | |
|---|---|---|---|
| ૧ | વ્હીલીંગ ચાર્જીસ ૧૧ કે.વી. | પૈસા/પ્રતિ કિલોવોટ કલાક | ૧૩.૪૮ |
| ૨. | વ્હીલીંગ ચાર્જીસ ૪૦૦ વોટ (એલટી) | પૈસા/પ્રતિ કિલોવોટ કલાક | ૪૪.૯૩ |

ઉપર જણાવ્યા ઉપરાંત ખુલ્લા પ્રવેશના વપરાશકર્તાને વીજ ઘટ વીજ સંદર્ભમાં નીચે જણાવ્યા અનુસાર સરભર કરવાની જરૂરિયાત રહેશે.

| **વીજ પ્રવાહ દાખલ સ્થાન** | **વીજ વિતરણ સ્થળ** | |
|---|---|---|
| | ૧૧ કે.વી. | ૪૦૦ વોલ્ટસ |
| ૧૧ કે.વી., ૨૨ કે.વી. અને ૩૩ કે.વી. | ૧૦.૦૧% | ૧૮.૫૭ |
| ૪૦૦ વોલ્ટસ | - | ૯.૫૧% |

કુલ ચાર વિતરણ કંપનીઓ (DGVCL, MGVCL, PGVCL, UGVCL)ને ઉપર જણાવેલ વ્હીલીંગ ચાર્જીસ સમાનદરે ચૂકવવાપાત્ર હતા.

**૩.૩.૨. ટોરન્ટ પાવર લિ.**

સને ૨૦૦૯-૧૦ના વર્ષ માટે ટોરન્ટ પાવર લિ. માટે ૧૧ કે.વી. વોલ્ટેજ લેવલે વ્હીલીંગ ચાર્જીસ કોષ્ટક-અ માં દર્શાવેલ છે.

**કોષ્ટક - અ**

**૧૧ કે.વી. તથા ( LT ) વોલ્ટેજ લેવલે વ્હીલીંગ ચાર્જીસ**

| પાર્ટ-પી | ટીપીએલનો અમદાવાદ-ગાંધીનગર લાયસન્સ વિસ્તાર | ટીપીએલનો સુરત લાયસન્સ વિસ્તાર |
|---|---|---|
| ૧૧ કે.વી. વોલ્ટેજ | ૨૦.૬૭ | ૧૫.૯૧ |
| વ્હીલીંગ ચાર્જીસ એલટી વોલ્ટેજ લેવલે | ૬૯.૦૪ | ૪૧.૬૩ |

ઉપરાંત ૪% ઊર્જા વીજ સ્વરૂપ ઇએચટી અને એચટી નેટવર્કમાં ઘટ તરીકે બાદ કરવાની રહેશે એલટી નેટવર્કમાં ૪.૭૫% ઊર્જા ઘટ તરીકે વિતરણ પરવાનેદારોને બાદ મળશે.

**3.3.3 સામી સહાયકી સરચાર્જ**

વર્ષ ૨૦૦૯-૧૦ માટે અગાઉ નિર્ધારિત કરેલ સામી સહાયકી સરચાર્જ આયોગે ચાલુ રાખેલ છે. જે નીચે મુજબ છે.

(એ) રાજ્ય માલિકીની વીજ કંપની માટે ૫૧ પૈસા / પ્રતિ કિલોવોટ કલાક

(બી) ટોરન્ટ પાવર લિ.

(i) અમદાવાદ-ગાંધીનગર વિસ્તાર ૫૨ પૈસા / પ્રતિ કિલોવોટ કલાક

(ii) સુરત વિસ્તાર ૭૩.૬૫ પૈસા / પ્રતિ કિલોવોટ કલાક

## 3.૪ વર્ષ ૨૦૧૦-૧૧ માટે પ્રશુલ્ક નિર્ધારણ :

### 3.૪.૧ ટોરન્ટ પાવર લિ.

ટોરન્ટ પાવર લિ. અમદાવાદ ખાતે ઉત્પાદનની સગવડ ધરાવે છે. અમદાવાદ અને સુરત ખાતે વિતરણ પરવાના ધરાવતી ખાનગી વીજ કંપની છે. ટીપીએલ સને ૨૦૦૯-૧૦ માટે વાર્ષિક કામગીરીની સમીક્ષા અને ૨૦૧૦-૧૧ના વર્ષ માટે પ્રશુલ્ક નિર્ધારણ માટે તા. ૧૫ ડિસેમ્બર ૨૦૦૯ના રોજ આયોગ સમક્ષ પીટિશન દાખલ કરેલ. આયોગ દ્વારા પીટિશનની ચકાસણી કરી તા. ૨૩ તથા ૨૪ ફેબ્રુઆરી, ૨૦૧૦ના રોજ જાહેર સુનાવણી રાખવામાં આવેલ આયોગે આ પીટિશન પરનો આદેશ ૩૧ માર્ચ ૨૦૧૦ કર્યો. ટીપીએલના પ્રશુલ્ક આદેશની મુખ્ય વિશેષતાઓ આ મુજબ છે.

**ટીપીએલ વીજ ઉત્પાદન :**

ટીપીએલ સાબરમતી તથા વટવા ખાતેના વીજ ઉત્પાદન મથકોએ વર્ષ ૨૦૦૯-૧૦ દરમિયાન ૪૧૨૭ (MU)ના સ્થાને ૪૩૯૯ (MU)નું વીજ ઉત્પાદન કરેલ હતું જે બહુવર્ષીય પ્રશુલ્ક આદેશમાં અંદાજીત વીજ ઉત્પાદન કરતા ૨૭૨ (MU) વધુ છે. સુજેન વીજ મથકનું વાણિજ્યિક કામકાજ ઓગસ્ટ ૨૦૦૯ દરમિયાન શરૂ થયેલ અને વર્ષ ૨૦૦૯-૧૦ દરમિયાન ૩૪૮૦ (MU) અમદાવાદ, ગાંધીનગર તથા સુરત ખાતે વીજ પુરવઠો પુરો પાડેલ હતો.

**ટીપીએલ વીજ વિતરણ :**

બહુવર્ષીય પ્રશુલ્ક નિર્ધારણ આદેશમાં ૨૦૦૯-૧૦ વર્ષ દરમિયાન સુરત અને અમદાવાદ વિતરણ વિસ્તારમાં અનુક્રમે ૬% અને ૧૦.૨૫% વીજ વિતરણ ઘટની ધારણા કરવામાં આવેલ હતી. જો કે ખરેખર ઘટ ૨૦૦૯-૧૦ના પ્રથમ છ માસ દરમિયાન અનુક્રમે ૫.૩૮% અને ૧૦.૧૯% ની હતી. આયોગે ટીપીએલની કામગીરીની પ્રશંસા કરી હતી.

૨૦૦૯-૧૦ના વર્ષની વાર્ષિક કામગીરીની સમક્ષા કરી આયોગે સૂચવેલા ૨૦૧૦-૧૧ના વર્ષ માટે એકંદર મહેસુલી જરૂરિયાત સુધારી જે રૂા. ૨૧૮૫ કરોડ કરવામાં આવી તેવી જ રીતે સુરત વિસ્તાર માટે સુધારેલ રકમ રૂા. ૧૨૬૨ કરોડ જે અગાઉના અંદાજિત રૂા. ૧૪૪૫ કરોડની રકમ સામે માન્ય રાખવામાં આવેલ હતી.

આ એકંદર મહેસુલી જરૂરિયાતના રહેલા ઘટના અમુક ભાગને પૂરવા માટે તથા પ્રશુલ્ક માળખાને વધુ તર્કસંગત બનાવવા આયોગે ૫ પૈસા થી ૨૦ પૈસા સુધીનો વીજના પ્રત્યેક યુનિટ દીઠ વધારો મંજુર કર્યો. ટોરન્ટ પાવર લિ.,ની પ્રશુલ્ક વધારાની માંગણી સામે ૨.૨૭% પ્રશુલ્ક વધારો મંજૂર કરવામાં આવેલ હતો. પ્રશુલ્ક માળખાની પુનર્રચના બાદ અમદાવાદ ગાંધીનગર અને સુરત વિસ્તાર માટે ટોરન્ટ પાવર લિ.ની સરેરાસ વધારો ૯ પૈસા પ્રતિ યુનિટ હતો. મહેસુલી આવકમાં ૭૫ કરોડનો વધારો થવાની ધારણા છે.

આમ છતાં, એવી ધારણા કરવામાં આવેલ હતી કે પ્રશુલ્કમાં નજીવો વધારો ગ્રાહકો પર કોઈ વધારાનો બોજ નાખશે નહી કારણ કે ૧ એપ્રિલ, ૨૦૧૦થી (FPPPA) દરમાં ઘટાડો થવાની અપેક્ષા છે.

**આયોગે ટીપીએલને આપેલા મહત્ત્વના નિર્દેશો**

- ટોરન્ટ પાવર લિ.ને આયોગે અમદાવાદ અને સુરત વિસ્તાર માટે અલગથી વીજ ઉત્પાદન, વીજ વિતરણ અંગેના ઓડિટેડ એકાઉન્ટ રજૂ કરવા જણાવ્યું.
- ટીપીએલને ૨૦૧૦-૧૧ના વર્ષના મૂડીકૃત ખર્ચાના ખર્ચ અને નફાના પૃથક્કરણની માહિતી ત્રણ માસમાં રજૂ કરવા જણાવ્યું.
- ગ્રાહકોએ પોતાની માલિકીના મીટર લગાવી શકે તે સુવિધાની વ્યાપક પ્રસિદ્ધિ આપવા આયોગે જણાવેલ, ટીપીએલે આ પહેલને આવકારી હતી.

## ટીપીએલના પ્રશુલ્ક હુકમની વિશિષ્ટતાઓ :

### છૂટક પ્રશુલ્ક તર્કસંગત માળખું

- અમદાવાદ, ગાંધીનગર અને સુરત વિસ્તારના ગરીબી રેખા નીચે જીવતા લોકો માટે પ્રશુલ્કનો નવા દર પ્રથમ વખત દાખલ કર્યા માસિક ૩૦ યુનિટની મર્યાદામાં રૂા. ૧.૫૦ પ્રતિ કિલોવોટ કલાકનો દર રાજ્ય સરકારની વીજ કંપનીઓને સમાન લાગુ કરવામાં આવ્યો.

- સુરત વિસ્તારના એચ.ટી. કક્ષાના પ્રશુલ્કની (HTMD-1) અને (HTMD-2) ને જોડાણથી એક કક્ષા (HTMD-1) કરવામાં આવી પંપીંગ સ્ટેશન માટે અલગ કક્ષા ઉભી કરવામાં આવી.

- અગાઉ ઉત્પાદન અને સેવા વાણિજ્ય માટે અલગ કક્ષા હતી તાજેતરના દાયકામાં દરમિયાન આર્થિક માળખાના ફેરફારોના સંદર્ભમાં આવા ગ્રાહકોના પ્રશુલ્ક વર્ગીકરણમાં મુશ્કેલી અનુભવાતી હતી. વિશેષમાં, મોટા ભાગના એચ.ટી. ગ્રાહકો વીજળીનો મિશ્ર ઉપયોગ કરતા હતા. જેમ કે ઉત્પાદન, કચેરીના મકાન અને રહેઠાણ વિ. જેવી કામગીરીમાં અડચણો હતી. પ્રશુલ્ક માળખાને વધુ તર્કસંગત બનાવવાથી મોટા ભાગના પ્રશ્નો હલ થાય છે જેથી સંદિગ્ધતા દૂર કરી સ્પષ્ટતા લાવવામાં આવી છે.

- સુરત માટે રહેઠાણ અને વાણિજ્યિક પ્રશુલ્કના સંખ્યાબંધ સ્તર ઓછા કરી પ્રશુલ્કનું સાદું માળખું બનાવવામાં આવેલ છે.

- અગાઉ ૫૦ એચ.પી.થી વધારે વીજભાર ધરાવનાર ગ્રાહકો માટે માંગ આધારિત પ્રશુલ્ક (LTMD) લાગુ કરવામાં આવતો હતો. મંજૂર થયેલ વીજભારથી વધુ વીજ ઉપાડ અનધિકૃત વપરાશ ગણવામાં આવતો હતો આવા પ્રશ્નો હલ કરવા માટે જે ગ્રાહકો ૧૫ એચ.પી.થી વધારે વીજભાર ધરાવતા હતા તેઓને પણ માંગ આધારિત પ્રશુલ્ક નીચે આવરી લેવામાં આવ્યા હતા.

### ૩.૪.૨. રાજ્ય સરકારની માલિકીની વીજ કંપનીઓ

૧. ગુજરાત રાજ્ય વીજ નિગમલિ. (GSECL)
૨. ગુજરાત રાજ્ય વીજ પ્રવહન નિગમ લિ. (GETCO)
૩. ઉત્તર ગુજરાત વીજ કંપની લિ. (DGVCL)
૪. દક્ષિણ ગુજરાત વીજ કંપની લિ. (DGVCL)
૫. મધ્ય ગુજરાત વીજ કંપની લિ. (MGVCL)
૬. પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિ. (PGVCL)
૭. સ્ટેટ લોડ ડીસ્પેચ સેન્ટર. (SLDC)

આયોગે દ્વારા સને ૨૦૦૩ના વીજ અધિનિયમની જોગવાઈઓ, તેને આનુષંગિક નિયમો અને વિનિયમોને ધ્યાને રાખી પીટિશનની ચકાસણી કરવામાં આવી. આયોગે વીજ કંપનીઓની પીટિશન સંદર્ભમાં જાહેર જનતા તથા હિતસંબંધકર્તાઓ પાસેથી વાંધા સૂચનો મંગાવ્યા હતા. તા. ૨૫ તથા ૨૬ ફેબ્રુઆરી અને ૩ માર્ચના રોજ જાહેર સુનાવણી યોજવામાં આવી. ૩૧ હિતસંબંધકર્તા તરફથી વાંધા સૂચનો મળ્યા હતા. જેમાં વ્યક્તિગત તથા ચેમ્બર ઓફ કોમર્સ જેવી વાણિજ્યિક સંસ્થાઓ, ઉદ્યોગના પ્રતિનિધિઓ તથા ગ્રાહક સંસ્થાઓ એ ભાગ લઈને તેઓના દૃષ્ટિકોણ રજૂ કર્યા હતા. આયોગે ૩૧ માર્ચ ૨૦૧૦ના રોજ સર આ પીટિશન પર આદેશ કર્યા. પ્રથમવાર આયોગે વીજ કંપનીઓને સમયસર પીટિશન રજુ કરવા ફરજ પાડી શક્ય તેટલા ટૂંકાગાળામાં હુકમો કર્યા.

#### ૩.૪.૨.૧ ગુજરાત રાજ્ય વીજ નિગમ લિ. (GSECL)

GSECLએ રાજ્ય સરકારની માલિકીની વીજ ઉત્પાદન કંપની છે. અને વિતરણ પરવાનેદારો માટે વીજ પ્રાપ્તિનો મુખ્ય સ્ત્રોત છે.

અ. GSECLના વીજ મથકોમાં વર્ષ ૨૦૦૯-૧૦ દરમ્યાન બહુવર્ષીય પ્રશુલ્ક હુકમોમાં વર્ષ ૨૦૦૯-૧૦માં અંદાજિત દર્શાવેલ ૨૯૯૭૫ MUની સામે ૨૭૫૦૨ MUનું ઉત્પાદન કર્યાની આયોગે નોંધ લીધી.

બ. કચ્છ લિગ્નાઈટ, અને સિક્કા વીજ મથકને ધ્યાનમાં રાખી GSECLના કામગીરી માપદંડમાં સુધારો કરવા આયોગે સૂચના આપી.

ક. GSECL ના વીજ મથકોની તાજેતરમાં કેન્દ્રીય વીજ પ્રાધિકરણે કરેલ અભ્યાસ અને તેણે સૂચવેલા તાંત્રિક માપ દંડો સ્વીકારવા આયોગે સૂચના આપી.

ડ. GSECLએ સને ૨૦૧૦-૧૧ માટે સૂચવેલા રૂ. ૨૨૮૮ કરોડના સ્થાયી ખર્ચ સામે આયોગે રૂ.૨૨૯૬ કરોડના સ્થાયી ખર્ચ માન્ય રાખ્યા.

ઇ. આયોગે GSECL ના તમામ વીજ મથકોના વીજ દરમાં ફેરફાર કર્યા. તે ફેરફાર કેન્દ્રીય વિદ્યુત પ્રાધિકરણે કરેલ અભ્યાસ અહેવાલ, કામગીરી માપદંડો અને બહુવર્ષીય પ્રશુલ્ક હુકમમાં મંજૂર કરેલ બળતણ સંબંધિત માપદંડોને લક્ષમાં લેવામાં આવ્યા.

**૩.૪.૨.૨ ગુજરાત રાજ્ય વીજ પ્રવહન નિગમલિ.** (GETCO)

GETCO એ રાજ્ય માલિકીનું પ્રવાહન (STU) કંપની છે. જે રાજયના મુખ્ય EHV નેટવર્ક કાર્યરત કરે છે.

૨૦૦૯-૧૦ ના પ્રથમ છ માસ દરમ્યાન પ્રવાહન માળખાની પ્રાપ્યતા અંદાજિત ૯૯.૩૬% ની સામે ખરેખર ૯૯.૫૯% હતી. વર્ષ ૨૦૧૦-૧૧ માટે માળખાની પ્રાપ્યતા જે અગાઉ ૯૯.૪૦% હતી. તે સુધારી ૯૯.૬૨% અંદાજિત કરવામાં આવી. આયોગે આ બાબતે GETCOની કામગીરી બિરદાવી.

GETCOએ તેની પીટિશનમાં પ્રવાહન ઘટ ૪.૯૫% મંજૂર કરવા વિનંતી કરેલ. આયોગ આ સાથે સંમત થયેલ નહીં. વર્ષ ૨૦૧૦-૧૧ માટે આયોગે પ્રવાહન ઘટ ૪.૨૦% મંજૂર કરી અને GETCO ને તેની આ બાબતની કામગીરી સુધારવા સૂચવ્યું.

GETCOએ રજૂ કરેલ અંદાજિત રૂા ૧૭૦૪ કરોડના એકંદર મહેસુલી જરૂરિયાત સામે રૂા. ૧૩૫૭ કરોડ વર્ષ ૨૦૧૦-૧૧ માટે મંજૂર કર્યા.

બહુવર્ષીય પ્રશુલ્ક હુકમમાં અંદાજિત રૂા. ૧૪૩૫ કરોડના મૂડીકૃત ખર્ચની સામે ઉત્પાદન ક્ષમતામાં વધારો લક્ષમાં રાખી રૂા. ૧૯૭૫ કરોડ અંદાજવામાં આવેલ.

GETCOએ તેની પીટિશનમાં સૂચવેલ રૂા. ૩૦૬૪ની પ્રતિ મે.વો./ પ્રતિદિન પ્રવહન દર સામે આયોગે રૂા. ૨૭૨૦ પ્રતિ મે.વો./ પ્રતિદિન સુધાર્યો.

**૩.૪.૨.૩ સ્ટેટ લોડ ડીસ્પેચ સેન્ટર**

સ્ટેટ લોડ ડીસ્પેચ સેન્ટર (SLDC) ચાર્જીસ રૂા. ૫૪૦ પ્રતિ મે.વો./ પ્રતિ માસ સુધારી રૂા. ૫૨૦ પ્રતિ મે.વો./ પ્રતિ છ માસ કર્યા તે (SLDC) ફી વર્ષ ૨૦૧૦-૧૧ માટે રૂા ૨૭૫ પ્રતિ મે.વો./ છ માસ કરી હતી. તે આયોગે (SLDC) ની વર્ષ ૨૦૧૦-૧૧ માટે એકત્રિત મહેસુલી આવક રૂા. ૨૦.૮૨ કરોડ મંજૂર કરી.

**૩.૪.૨.૪ વીજ વિતરણ કંપનીઓ** (MGVCL, UGVCL, DGVCL, PGVCL)

રાજ્યની માલિકીની ચાર વીજ વિતરણ કંપનીઓ છે. MGVCL, UGVCL, DGVCL, PGVCL રાજ્યની ચાર વીજ વિતરણ કંપનીઓએ વર્ષ ૨૦૦૯-૧૦માં અંદાજિત વિતરણ ઘટ આ મુજબ દર્શાવેલ છે.

| નામ | ૨૦૦૯-૧૦ | ૨૦૧૦-૧૧ |
|---|---|---|
| ઉત્તર ગુજરાત વીજ કં. | ૧૮.૦૦ | ૧૫.૦૦ |
| દક્ષિણ ગુજરાત વીજ કં. | ૧૪.૫૩ | ૧૨.૪૫ |
| મધ્ય ગુજરાત વીજ કં. | ૧૪.૦૦ | ૧૪.૦૦ |
| પશ્ચિમ ગુજરાત વીજ કં. | ૩૧.૫૦ | ૩૦.૦૦ |

**રાજ્યની માલિકીની વીજ વિતરણ કંપનીઓ માટેના પ્રશુલ્ક હુકમોની વિશિષ્ટતાઓ :**

**છૂટક પ્રશુલ્ક તર્કસંગત માળખું**

- એચ.ટી. પ્રશુલ્ક કક્ષાઓ (HTD-1, HTP-11A, HTP-11B)ને જોડાણ કરી એક નવી કક્ષા (HTP-1) રચવામાં આવી પંપીંગ મથકો માટે એક અલગ (HT) કક્ષા રચવામાં આવી.

- અગાઉ ગ્રાહકો માટે તથા અન્યો માટે ઉત્પાદન અને સેવા/ વાણિજ્ય માટે અલગ કક્ષા હતી. તાજેતરના દાયકાઓ દરમિયાન આર્થિક માળખામાં ફેરફારના સંદર્ભમાં આવા ગ્રાહકોના પ્રશુલ્ક વર્ગીકરણમાં મુશ્કેલી અનુભવાતી હતી. વિશેષમાં મોટા લાગતા એચ.ટી. ગ્રાહકો વીજળીના મીશ્ર ઉપયોગો કરતા હતા. જેમકે ઉત્પાદન, કચેરીના મકાન અને રહેઠાણ વિ. જેની કામગીરીમાં અડચણો હતી અને સંખ્યાબંધ અદાલતી દાવાઓ હતા. પ્રશુલ્ક માળખાને વધુ તર્કસંગત બનાવવાથી મોટા ભાગના પ્રશ્નો હલ થાય છે. જેથી સંદિગ્ધતા દૂર કરી સ્પષ્ટતા લાવવામાં આવી છે.

- રહેઠાણ અને વાણિજ્યિક શ્રેણીમાં સંખ્યાબંધ પ્રશુલ્ક કક્ષા ઘટાડી પ્રશુલ્ક માળખું વધુ સરળ કરવામાં આવેલ છે.

- જે ગામડામાં દસ હજાર કે તેથી ઓછી વસ્તી હોય ત્યાં રહેઠાણના મકાનમાં વાણિજ્યિક પ્રવૃત્તિ ચાલતી હોય તો પણ રહેણાંક શ્રેણીના (LED-I) ગ્રામ્ય શ્રેણી પ્રશુલ્ક દર અમલી હતા. આમાં વસ્તીનું પરિમાણ દૂર કરી ગ્રામ વિસ્તારમાં તમામ ગ્રામ પંચાયત હેઠળના ગ્રામ વિસ્તારની જનતાને આ સવલતનો લાભ આપવામાં આવે છે.

## આયોગે રાજ્યની વીજ કંપનીઓને આપેલા મહત્ત્વના નિર્દેશો :

રાજ્ય વીજ કંપનીઓની વર્ષ ૨૦૦૯-૧૦ની કામગીરીની સમીક્ષા તથા સને ૨૦૧૦-૧૧ની વાર્ષિક મહેસુલી જરૂરિયાતોને ધ્યાને રાખી આયોગે સંખ્યાબંધ નિર્દેશો આપેલા છે. જે પૈકી અમુક નીચે દર્શાવેલ છે.

- ગુજરાત રાજ્ય વીજ નિગમ લિ.(GSECL) એ જે વીજ ઉત્પાદન કરતી કંપની છે. તેને વીજ ઉત્પાદન મથકોના અસરકારક સમાર કામ અને આધુનિકીકરણ દ્વારા વીજ મથકોની કાર્યક્ષમતા વધારવા જણાવાયું છે. સારી ગુણવત્તાની આયાતી તથા સ્વદેશી કોલસો હરિફાઇ યુક્ત દરે મેળવવાની જરૂરિયાત છે, કે જેથી બળતણ ખર્ચમાં થતો અનિવાર્ય વધારો નિવારી શકાય.

- રાજ્યની ચાર વીજ વિતરણ કંપનીઓ DGVCL, UGVCL, PGVCL, MGVCL નીચે મુજબના નિર્દેશો આપેલા છે. ગ્રાહકોને પૂરી પાડવાની સેવા જેમ કે સારી ગુણવત્તાના મીટર, સમયસર મીટર વાંચન અને યોગ્ય બિલમાં સુધારો કરવા જણાવવું, તમામ ખામી યુક્ત મીટરો દૂર કરી નવા મીટર સ્થાપિત કરવા અને વીજ વિતરણ ટ્રાન્સફોર્મર્સનું મીટરીંગ કરવાનું સમયમર્યાદા સાથેનો વિગતવાર આયોજન રજૂ કરવા જણાવ્યું.

- જ્યોતિગ્રામ યોજના સહિતના કેટલાક ફીડરોમાં કે જ્યાં ખુબ જ ઊંચે દરે વીજ ઘટ માલમૂ પડે છે. ત્યાં વીજ વિતરણ ઘટ ઘટાડવા આયોજન કરવા જણાવ્યું.

- જાહેર સુનાવણી દરમિયાન કેટલીક ગ્રાહક સંસ્થાઓ હિત સંબંધકર્તાઓએ આયોગના ધ્યાને એ બાબત મૂકી હતી કે ગુજરાતમાં વીજ કરનો દર ઉંચો છે. આયોગે આ બાબતની વિચારણા કરી અને નક્કી કર્યું કે વીજ કરમાં ફેરફારની જરૂર નથી કારણ કે તે ગ્રાહકોનો બોજ વધારે છે. વીજ કંપનીઓની નાણાંકીય સ્થિતિને અસર કરી પ્રશુલ્ક માળખાને વિકૃત કરે છે. ખાસ કરીને તે યથા મુલ્ય છે. આયોગે સૂચવ્યું કે સરકારે વીજ કરનું માળખું વધુ તર્કસંગત કરવું જોઈએ. ઉપરની રજૂઆતો તથા અન્ય રાજ્યોમાં પ્રવર્તમાન વીજ કરને ધ્યાને લઈ વીજ કર નક્કી કરવા જેથી તે વ્યાજબી, સ્થાયી તથા ધારણા કરી શકાય તેવા બને.

## ૩.૫ ખુલ્લો પ્રવેશ : વર્ષ ૨૦૧૦- ૧૧ માટે પ્રવહન દર, વ્હીલીંગ ચાર્જ, સામી સહાયકી સરચાર્જ

### ૩.૫.૧ રાજ્ય માલિકીની વીજ કંપની

રાજ્ય માલિકીની વીજ કંપનીઓ રાજ્ય વીજ પ્રવહન નિગમલિ. (GETCO) રાજ્યની ચાર વીજ વિતરણ કંપનીઓ DGVCL, UGVCL, PGVCL, MGVCL વાર્ષિક મહેસૂલી જરૂરિયાત નિર્ધારણ માટે પ્રવહન દર અને છૂટક પુરવઠાના પ્રશુલ્ક વર્ષ ૨૦૧૦-૧૧ માટે નક્કી કરવા પીટિશન દાખલ કરવામાં આવી. આયોગે ઉપરોક્ત વીજ કંપનીઓની વાર્ષિક મહેસુલી જરૂરીયાત પ્રવાહન દર અને છુટક પુરવઠાના પ્રશુલ્ક નક્કી કરતાં આદેશો કર્યા. માન્ય રાખેલા દર પર આધારીત આયોગે ખુલ્લા પ્રવેશના દર આ મુજબ સુધાર્યા. જે નાણાકીય વર્ષ ૨૦૧૦-૧૧ થી અમલી બનેશે.

#### ૩.૫.૧.૧ પ્રવહન દર

ઉત્પાદિત કંપનીઓ, વીજ વિતરણ કંપનીઓ અને અન્ય પરવાનેદારો અને એવા ગ્રાહકો જેઓ ખુલ્લા પ્રવેશની સવલત, વીજ અધિનિયમની કલમ ૪૨ (૨) મુજબ ધરાવે છે. તેમને જેટકોના પ્રવહન માળખાના ઉપયોગ માટે નીચે પ્રમાણેના દરો લાગુ પડશે.

| | |
|---|---|
| દરો | |
| નાણાંકીય વર્ષ ૨૦૧૦- ૧૧ માટે પ્રવહન દર | રૂા. ૨૭૨૦/ મે.વો./ દિન |
| વત્તા | રૂા. ૮૧,૬૦૦ મે.વો./ માસ |
| વીજ સ્વરૂપમાં ઘટ | રૂા. ૪.૨૦% |

આંતર રાજ્ય પ્રાપ્યતા આધારીત પ્રશુલ્ક અમલી ન બને ત્યાં સુધી આ પ્રવહન ઘટ લાગુ પડશે. ત્યારબાદ આંતરરાજ્ય પ્રાપ્યતા આધારિત પ્રશુલ્ક હુકમમાં દર્શાવેલ દર લાગુ પડશે.
લાંબા ગાળાના અને ટૂંકા ગાળાના ખુલ્લા પ્રવેશના ઉપભોક્તાઓ દ્વારા પ્રવહન દર રોકડમાં ચૂકવવાના રહેશે.

| | | |
|---|---|---|
| લાંબા ગાળાના ખુલ્લા પ્રવેશેના ઉપભોક્તા | = | રૂા. ૨૭૨૦ પ્રતિ મે.વો./ પ્રતિ દિન |
| ટૂંકા ગાળાના ખુલ્લા પ્રવેશેના ઉપભોક્તા | = | રૂા. ૬૮૦ પ્રતિ મે.વો./ પ્રતિ દિન |
| (૧/૪ X લાંબા ગાળાનો દર) (૧/૪ X ૨૭૨૦ | = | ૬૮૦) |

ટુંકા ગાળાના ખુલ્લા પ્રવેશના પ્રવહના દર નીચે મુજબ છે.

| | | |
|---|---|---|
| (અ) | એક સાથે છ કલાક સુધી<br>(૧/૪ X ૬૮૦ ટૂંકા ગાળાના દર) | રૂા.૧૭૦/- પ્રતિ.મેવો. |
| (બ) | એક સાથે છ કલાકથી વધુ પરંતુ<br>બાર કલાકથી ઓછા<br>(૧/૨ X ટૂંકા ગાળાનો દર)(૧/૨ X ૬૮૦) | રૂા.૩૪૦/- પ્રતિ મે.વો. |
| (ક) | એક સાથે બાર કલાકથી વધારે પરંતુ<br>૨૪ કલાક સુધી | રૂા.૬૮૦/- પ્રતિ મે.વો. |

આ ઉપરાંત આયોગના ખુલ્લા પ્રવેશ અંગેના વિનિયમમાં દર્શાવેલ અન્ય દર અને માળખાકીય ઘટ લાગુ પડશે લાંબા અને ટૂંકા ગાળાના પ્રવેશ એ આયોગના વિનિયમમાં વ્યાખ્યાયિત કરેલ છે.

### ૩.૫.૧.૨ વ્હીલીંગ ચાર્જીસ

નાણાંકીય વર્ષ ૨૦૧૦-૧૧ માટે ચાર વીજ વિતરણ કંપનીઓ DGVCL, UGVCL, PGVCL, MGVCL માટે વ્હીલીંગ ચાર્જીસ નીચે મુજબ છે. પરવાનેદાર, અન્ય પરવાનેદાર અથવા વીજ ઉત્પાદન કંપનીઓ અથવા કેપ્ટીવ પાવર પ્લાન્ટ અથવા વીજ અધિનિયમ ૨૦૦૩ની કલમ-૪૨ (૨) મુજબ ખુલ્લા પ્રવેશના અધિકૃત ઉપભોક્તાને લાગુ પડશે.

| | | | |
|---|---|---|---|
| (૧) | વ્હીલીંગ ચાર્જીસ ૧૧ કે.વી. | પૈસા/ કિલોવોટ/કલાક | ૧૨ |
| (૨) | વ્હીલીંગ ચાર્જીસ ૪૦૦ વોલ્ટ | પૈસા/ કિલોવોટ/કલાક | ૪૦ |

ઉપર જણાવેલ ઉપરાંત ખુલ્લા પ્રવેશના ઉપભોક્તાને વીજ ઘટના સ્વરૂપમાં સરભર નીચેની વિગતે કરવાના રહેશે.

| **વીજ પ્રવહન દાખલ સ્થાન** | **વીજ વિતરણ સ્થાન** | |
|---|---|---|
| | **૧૧ કે.વી.** | **૪૦૦ વોલ્ટ** |
| ૧૧ કે.વી. ૨૨ કે.વી. અને ૩૩ કે.વી. | ૧૦.૦૧ | ૧૮.૫૭% |
| ૪૦૦ વોલ્ટસ | - | ૯.૫૧% |

ઉપર જણાવેલ વ્હીલીંગ ચાર્જીસ ચાર વીજ વિતરણ કંપનીઓએ (DGVCL, MGVCL, PGVCL, અને UGVCL)ને સમાન દરે ચૂકવવા પાત્ર રહેશે.

**૩.૫.૨. ટોરન્ટ પાવર લિ.**

ટોરન્ટ પાવર લિ. નાણાંકીય વર્ષ ૨૦૧૦-૧૧ માટે ૧૧ કે.વી. વોલ્ટેજ પર ગણવામાં આવેલ વ્હીલીંગ ચાર્જીસ નીચે કોષ્ટકમાં દર્શાવેલ છે.

**કોષ્ટક - (A)**

**૧૧ કે.વી. અને (LT) વોલ્ટેજ લેવલે વ્હીલીંગ ચાર્જીસ (ટોરન્ટ પાવર લિ.)**

(પૈસા/કિલો વોટ્સ કલાક)

| પાર્ટ પી | ટીપીએલનો અમદાવાદ- ગાંધીનગર લાયસન્સ વિસ્તાર | ટીપીએલનો સુરત લાયસન્સ વિસ્તાર |
|---|---|---|
| ૧૧ કે.વી. વોલ્ટેજ લેવલે વ્હીલીંગ ચાર્જીસ | ૧૭ | ૧૮ |
| એલ.ટી. વોલ્ટેજ લેવલે વ્હીલીંગ ચાર્જીસ | ૫૮ | ૪૭ |

તદુપરાંત ૪% ઊર્જા વીજ સ્વરૂપમાં EHT/HT અને એચ.ટી. નેટવર્ક સ્વરૂપમાં ઇએચટી અને એચ.ટી. નેટવર્કમાં ઘટ તરીકે બાદ કરવાની રહેશે. LT નેટવર્કમાં ૪.૭૫% ઊર્જા ઘટ તરીકે વિતરણ પરવાનેદારોને બાદ મળશે.

**૩.૫.૩ સામી સહાયકી સરચાર્જ**

આયોગે વર્ષ ૨૦૧૦-૧૧ સામી સહાયકી સરચાર્જમાં કોઈ ફેરફાર કરેલ નથી.

## ૩.૬. રાષ્ટ્રીય વીજ નીતિના સંદર્ભમાં વર્તમાન સ્થિતિ :

**૩.૬.૧. મીટરીંગ યોજના :**

વીજ અધિનિયમ ૨૦૦૩માં દરેક ગ્રાહકને મીટર પૂરું પાડવાની જોગવાઈ છે. રાષ્ટ્રીય વીજ નીતિ અનુસાર રાજ્ય વિદ્યુત નિયંત્રક આયોગે વીજ વિતરણ પરવાનેદારો પાસેથી તેમના મીટરીંગ યોજના મેળવવાની રહે છે. આયોગે તમામ વીજ વિતરણ પરવાનેદારોને તેમની મીટરીંગ યોજના રજૂ કરવા સૂચના આપેલ છે.

વીજ વિતરણ પરવાનેદારોએ કૃષિ સિવાયના તમામ વીજ જોડાણોને મીટર લગાવવામાં આવેલ છે તેમ રજૂઆત કરી ૨૦૦૯-૧૦ના વર્ષ માટે કૃષિ ક્ષેત્રના મીટરીંગ અંગેની સ્થિતિ નીચે મુજબ છે.

| ક્રમ | વીજ વિતરણ પરવાનેદાર | મીટરવાળા વીજ જોડાણો |
|---|---|---|
| ૧. | ઉ.ગુ.વી.કં.લિ. | ૨૮.૮૭% |
| ૨. | દ.ગુ.વી.કં.લિ. | ૪૫.૭૪% |
| ૩. | મ.ગુ,વી.કં.લિ. | ૬૦.૬૪% |
| ૪. | પ.ગુ.વી.કં.લિ. | ૩૬.૦૦% |
| ૫. | ટીપીએલ અમદાવાદ | ૧૦૦% |
| ૬. | ટીપીએલ સુરત | ૧૦૦% |

કૃષિ વિષયક જોડાણોને મીટરીંગ કરવા અંગે આયોગે નિર્દેશ આપેલા છે.

**૩.૬.૨. HVDS અને SCADA અને આંકડા આધારિત પ્રબંધન :**

કાર્યક્ષમ વીજ વિતરણ માટે નિરીક્ષણ, અંકુશ અને આંકડાકીય માહિતી સંપાદન માળખું અને આંકડા આધારિત પ્રબંધન જરૂરી છે. રાષ્ટ્રીય વીજ નીતિ પ્રમાણે (SCADA) અને આંકડા આધારિત પ્રબંધનની માહિતી વીજ વિતરણ કંપનીઓ પાસેથી મેળવી રાજ્ય વિદ્યુત નિયંત્રક આયોગ દ્વારા તાંત્રિક અને આર્થિક જરૂરિયાતો લક્ષમાં લઈ મંજૂરી આપવી જોઈએ.

વીજ ઘટમાં અસરકારક ઘટાડો કરવા માટે DGVCL, MGVCL, PGVCL, UGVCL એ HVDS નો અમલ કરેલ છે :

**૩.૬.૩ કાર્યરીતિના માપદંડો અને ધોરણો :**

રાષ્ટ્રીય વીજ નીતિની જોગવાઈ મુજબ આયોગે કાર્યરીતિના અપેક્ષિત માપદંડો નક્કી કર્યા છે. આયોગે આગાઉથી નિયત કરેલ ગુણવત્તાયુક્ત વીજ પુરવઠા માટેના સૂચક આંકોને વીજ કંપનીદીઠ વિનિયમિત કરે છે. રાજ્યમાં વીજ વિતરણ કંપનીઓ માટે આયોગે તેના વિનિયમ ૧૦/૨૦૦૫ તા. ૩૧-૩-૨૦૦૫થી કાર્યરીતિ માપદંડો નક્કી કરેલ છે. વીજ વિતરણ કંપનીઓ કામગીરી માપદંડોના વિનિયમમાં કરેલ જોગવાઈ મુજબ દર ત્રણ માસે વિગતવાર અહેવાલ રજૂ કરે છે.

**૩.૬.૪ ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને વિદ્યુત લોકપાલની રચના બાબત :**

- રાષ્ટ્રીય વીજ નીતિ ગ્રાહકોની ફરિયાદ નિવારણ માટે ફોરમ તથા વિદ્યુત લોકપાલની નિમણૂક માટે માર્ગદર્શન આપવા પર ભાર મુકે છે.
- ગુજરાતમાં કુલ આઠ ગ્રાહક તકરાર નિવારણ ફોરમો કાર્યરત છે અને આ ફોરમોમાં સ્વતંત્ર સભ્યોની પસંદગી કામગીરી આયોગ દ્વારા કરવામાં આવે છે.
- આયોગે ગુજરાતમાં સ્વતંત્ર વિદ્યુત લોકપાલની નનિમણૂક કરી છે અને તેમની કચેરી સ્વતંત્ર પણે કાર્યરત છે.

### ૩.૬.૫ ગ્રાહક જૂથો સશક્તિકરણ

રાષ્ટ્રીય વીજ નીતિ અનુસાર 'નિયંત્રક આયોગ નિયંત્રણ પ્રક્રિયાની અસરકારકતા વધારવા પર ગ્રાહક સશક્તીકરણ પર ભાર મૂક્યો છે.'

આયોગ દ્વારા બહુવર્ષીય પ્રશુલ્ક નિર્ધારણ પ્રક્રિયામાં ભાગ લેવા ગ્રાહક જૂથોને ગ્રાહક સેવામાં સુધારા માટે મૂલ્યવાન સૂચનો કરવા માટે આમંત્રિત કરવામાં આવે છે. આયોગે પ્રશુલ્ક માળખાને તર્કસંગત બનાવવા રચેલ અભ્યાસ જૂથમાં ગ્રાહક જૂથોને જોડવા માટે પ્રોત્સાહન આપેલ આવેલ છે.

## ૩.૭ પ્રશુલ્ક નીતિના પરિપ્રેક્ષ્યમાં વર્તમાન સ્થિતિ :

### ૩.૭.૧ ઇક્વિટી પર વળતર :

સર્વગ્રાહી જોખમ અને પ્રવર્તમાન મૂડીની કિંમતને ધ્યાને લઈ રાજ્ય વિદ્યુત નિયંત્રક આયોગ ઇક્વિટી પર વળતર દર નક્કી કરી શકે તેવી જોગવાઈ પ્રશુલ્ક નીતિમાં છે.

આયોગ દ્વારા મૂડીકૃત ખર્ચને ધ્યાને રાખી ઇક્વિટી પર વળતરની ગણતરી કરવામાં આવે છે.

| પરવાનેદાર | ઇક્વિટી પર વળતર |
|---|---|
| ગુ.રા.વી.નિ.લિ. | ૧૪% |
| ગુ.વી.પ્ર.નિ.લિ. | ૧૪% |
| ઉ.ગુ.વી.કં.લિ. | ૧૪% |
| દ.ગુ.વી.કં.લિ. | ૧૪% |
| મ.ગુ.વી.કં.લિ. | ૧૪% |
| પ.ગુ.વી.કં.લિ. | ૧૪% |
| ટીપીએલ (ઉત્પાદન) | ૧૪% |
| ટીપીએલ (અમદાવાદ) | ૧૪% |
| ટીપીએલ (સુરત) | ૧૪% |

### ૩.૭.૨. ઘસારાના દર

પ્રશુલ્ક નીતિ પ્રમાણે કેન્દ્રીય આયોગે ઘસારાના દર જાહેર કર્યા છે જે જરૂરી સુધારાઓ સાથે વીજ વિતરણ કંપનીઓને લાગુ પાડી શકાય છે. આયોગે નીચે પ્રમાણેના ઘસારાના દર નક્કી કરેલ છે.

| ક્રમ | પરવાનેદાર | ઘસારાના દર નાણાંકીય વર્ષ ૨૦૦૯-૧૦ માટે |
|---|---|---|
| ૧. | ગુ.રા.વી.નિ.લિ. | કેવિનિઆના પ્રશુલ્કની શરતો અને બોલીઓના વિનિયમ ૨૦૦૯ની કલમમુજબ |
| ૨ | ગુ.વી.પ્ર.નિ.લિ. | -ઉપર મુજબ- |
| ૩. | ઉ.ગુ.વી.કં.લિ. | ૫.૨૯% |
| ૪. | દ.ગુ.વી.કં.લિ. | ૫.૨૭% |
| ૫. | મ.ગુ.વી.કં.લિ. | ૫.૨૬% |
| ૬. | પ.ગુ.વી.કં.લિ. | ૫.૨૮% |
| ૭. | ટીપીએલ (ઉત્પાદન) | કેવિનિઆએ જુદી જુદી કક્ષા માટે નિયત કરેલા ઘસારાના |
| ૮. | ટીપીએલ (અમદાવાદ) | દર જે ગુવિનિઆના સને ૨૦૦૫ના પ્રશુલ્કની શરતો |
| ૯. | ટીપીએલ (સુરત) | અને વિનિયમો, વિનિયમ ૨૦૦૫ મુજબ |

### ૩.૭.૩ દિવસના સમય આધારીત પ્રશુલ્ક :

પ્રશુલ્ક નીતિ દિવસના સમયના પ્રશુલ્ક નિર્ધારણના અમલ માટેની સવલત પૂરી પાડે છે દિવસના પ્રશુલ્ક ગુજરાતમાં અમલમાં છે (LT) ગ્રાહકો કે જેમનો માંગ વીજભાર ૨૦ કિલોવોટથી ૧૦૦ કિલોવોટ વચ્ચે છે અને એચટી ગ્રાહકો કે જેમનો નિયમિત વીજ પુરવઠો ૧૦૦ કેવીએ અને તેથી વધુ છે તેમની માટે જુદા પ્રશુલ્ક અમલમાં છે. રાતના દસ કલાકથી બીજા દિવસના સવારના છ કલાક સુધી ફક્ત રાત્રિ કલાકો દરમિયાન વીજ ઉપયોગ કરે તેને માટે આલગ પ્રશુલ્ક લાગુ પાડેલ છે.

તદુપરાંત સમય અનુસારનો પ્રશુલ્ક અને પાણી પુરવઠાના (LT) જોડાણો માટે અમલમાં છે. એચ.ટી. કક્ષામાં કૃષિ ગ્રાહકો અને રેલ્વે ટ્રેક્શનને છોડીને બાકીના તમામ એચ.ટી. કક્ષાના ગ્રાહકો ખરેખર વીજ ઉપયોગ કર્યાના સમયનો લાભ મેળવે છે.

| ટીઓડી<br>વર્ષ ૨૦૦૯-૧૦ | ગ્રાહક કક્ષા | વ્યસ્ત<br>સમય | બિનવ્યસ્ત<br>સમય |
|---|---|---|---|
| | NLP IV દર ૧૨૫ BHP થી હોય તેવા મોટીવ પાવર વીજભાર વધતો ન હુકમો અનુસારના ગ્રાહકો ફક્ત રાત્રિ દરમિયાન વીજ વપરાશ કરીને (LPT) પ્રશુલ્ક દરે વિકલ્પ સ્વીકારી શકે છે. | ૩૮૫ પૈસા પ્રતિ કિલોવોટ | ૨૦૦ પૈસા પ્રતિ કિલોવોટ |
| તા.૧૪-૧૨-૨૦૦૦ના પ્રશુલ્ક ગુ.વિ.કં.લિ. વીજબીલનો દ.ગુ.વિ.કં.લિ. અને પ.ગુ.વિ.કં.લિ. | (LPT) પ્રશુલ્ક દરે વીજબીલનો વિકલ્પ સ્વીકારી શકે છે.<br>LPT-IV (અ) દર લઘુત્તમ CD ૨૦ કિલોવોટ અને ૧૦૦ કિલોવોટ સુધી નીચા વોલ્ટેજે ગ્રાહકો ફક્ત રાત્રિ દરમિયાન વીજ વપરાશ કરીને (LPT-III) પ્રશુલ્ક કક્ષાને બદલે વિકલ્પ સ્વીકારી શકે છે.<br>ફક્ત રાત્રિના ૧૦-૦૦ કલાકથી બીજા દિવસે સવારે ૬-૦૦ કલાક સુધી વીજ | ૪૦૫ પૈસા પ્રતિ કિલોવોટ | ૨૦૦ પૈસા પ્રતિ કિલોવોટ |
| | વપરાશ પાણી વોટર વર્કસના દર ૫૦ હોર્સ પાવરનો વીજભાર હોય અને બિનવ્યસ્ત સમય દરમિયાન વીજ વપરાશ હોય એટલે કે ૧૧.૦૦ કલાક થી ૧૮.૦૦ કલાક<br>રાત્રિ કલાક દરમિયાન વીજ વપરાશ હોય એટલે કે ૨૨.૦૦ કલાક થી બીજા દિવસના સવારે ૬.૦૦ કલાક સુધી | ૩૫૦ પૈસા પ્રતિ કિલોવોટ<br>૩૫૦ પૈસા પ્રતિ કિલોવોટ | ૩૦ પૈસા પ્રતિ કિલોવોટ<br>૭૫ પૈસા પ્રતિ કિલોવોટ |
| | એચપીટી-૧ દર વ્યસ્ત સમય દરમ્યાન એટલે કે ૭.૦૦ કલાક થી ૧૧.૦૦ કલાક અને ૧૮.૦૦ કલાક થી ૨૨.૦૦ કલાક સુધી સેવા હેતુ માટે ૫૦૦ (KVA) અને તેથી વધુ CD ધરાવતા નિયમિત વીજ પુરવઠો ધરાવનારને વ્યસ્ત સમય દરમિયાન વીજ કરમાં ખરેખર વીજ વપરાશ સમય પ્રશુલ્ક ઉમેરાશે. | ૪૯૦ પૈસા પ્રતિ કિલોવોટ કલાક | ૪૧૫ પૈસા પ્રતિ કિલોવોટ કલાક |

| | | | |
|---|---|---|---|
| | ૫૦૧થી ૧૦૦૦ KVA | ૪૫૫ પૈસા પ્રતિ કિલોવોટ કલાક | ૩૮૫ પૈસા પ્રતિ કિલોવોટ કલાક |
| | એચટીપી-૧ દર વ્યસ્ત સમય દરમ્યાન એટલે કે ૭-૦૦ કલાકથી ૧૧-૦૦ કલાક અને ૧૮-૦૦ કલાકથી ૨૨-૦૦ કલાક સુધી સેવા હેતુ માટે ૫૦૦ (KVA) અને તેથી વધુ (CD) ધરાવતા નિયમિત વીજ પુરવઠો ધરાવનારને વ્યસ્ત સમય દરમિયાન વીજ કરમાં ખરેખર વીજ વપરાશ સમય પ્રશુલ્ક ઉમેરાશે. | ૪૯૦ પૈસા પ્રતિ કિલોવોટ કલાક | ૪૧૫ પૈસા પ્રતિ કિલોવોટ કલાક |
| | ૫૦૧થી ૧૦૦૦ KVA | ૪૫૫ પૈસા પ્રતિ કિલોવોટ કલાક | ૩૮૫ પૈસા પ્રતિ કિલોવોટ કલાક |
| | ૫૦૧થી ૧૦૦૦ KVA | | |
| | ૧૦૦૧થી ૨૫૦૦ KVA | ૪૮૦ પૈસા પ્રતિ કિલોવોટ કલાક | ૪૦૫ પૈસા પ્રતિ કિલોવોટ કલાક |
| | ૨૫૦૦ KVAથી વધુ | ૪૯૦ પૈસા પ્રતિ કિલોવોટ કલાક | ૪૧૫ પૈસા પ્રતિ કિલોવોટ કલાક |
| | HTP-II (અ) દર, ૧૦૦ KVA થી વધુ વીજ વપરાશનો કરાર કરનાર જેમકે મનોરંજન પાર્ક, હોટલ્સ વિ. અને વ્યસ્ત સમય એટલે કે ૭.૦૦ કલાક થી ૧૧-૦૦ કલાક દરમિયાન અને ૧૮.૦૦ કલાક થી ૨૨.૦૦ કલાક સુધી વીજ વપરાશ હોય વ્યસ્ત સમય દરમ્યાન વીજ કરમાં ખરેખર વીજ વપરાશ સમય પ્રશુલ્ક ઉમેરાશે | ૪૯૫ પ્રતિ કિલોવોટ કલાક | ૪૨૦ પ્રતિ કિલોવોટ કલાક |

| | | | |
|---|---|---|---|
| | HTP-II(B)દર, રહેણાંક કોલોની માટે ૧૦૦ કેવીએ અને તેથી ઉપરાંતના વ્યસ્ત સમય ૭-૦૦ કલાક થી ૧૧-૦૦ કલાકે અને ૧૮-૦૦ કલાકથી ૨૨ કલાક સુધી વીજ વપરાશ (વીજ કરમાં ખરેખર વીજ વપરાશ સમય પ્રશુલ્ક ઉમેરાશે.) | ૪૪૫ પૈસા પ્રતિ કિલોવોટ કલાક | ૩૭૦ પૈસા પ્રતિ કિલોવોટ કલાક |
| | HTP-III દર, ૧૦૦ કેવી એથી ઓછા નહીં હોય તેવા કામચલાઉ ગાલા માટે વ્યસ્ત સમય ૭.૦૦ કલાક થી ૧૨.૦૦ કલાક અને ૧૮ કલાક થી ૨૨ કલાક સુધી વીજ વપરાશ હોય (વીજ કરતાં ખરેખર વીજ વપરાશ સમય પ્રશુલ્ક ઉમેરાશે.) | ૭૦૫ પૈસા પ્રતિ કિલોવોટ કલાક | ૬૩૦ પૈસા પ્રતિ કિલોવોટ કલાક |
| | HTP-VI ફક્ત રાત્રિના ૧૦.૦૦ કલાકથી બીજા દિવસના સવારે ૬.૦૦ કલાકે સુધી વીજ વપરાશા (ઉપભોક્ત ફક્ત રાત્રિ સમય દરમિયાન વીજ વપરાશનો વિકલ્પ આપી HTP-I ના બદલે આ પ્રશુલ્ક સ્વીકારી શકે છે. | --- | ૨૦૦ પૈસા પ્રતિ કિલોવોટ કલાક |

## ૩.૮ નવીનીકરણ પ્રાપ્ત ઉર્જાના સ્ત્રોત :

કમિશને નવીકરણ પ્રાપ્ત ઉર્જા સ્ત્રોતમાંથી ઉર્જા મેળવવા માટે વિનિયમ બહાર પાડેલ છે. વિનિયમ મુજબ નવીનીકરણ ઉર્જા પ્રાપ્તી તમામ વિતરણ પરવાનેદારો ને લાગુ પડે છે, જેમાં નવીનીકરણ પ્રાપ્ત ઉર્જા સ્ત્રોતમાંથી અગાઉ પ્રાપ્તીના ૨% જે નાણાંકીય વર્ષ ૨૦૦૮-૦૯ માં નક્કી કરવામાં આવેલ તેના બદલે ૨૦૧૦-૧૧, ૨૦૧૧-૧૨, ૨૦૧૨-૧૩ માં અનુક્રમે ૫%, ૬% અને ૭% કરવામાં આવેલ છે. કમિશને અગલથી પવન ઉર્જા, સૂર્યઉર્જા અને બીજા નવીનકરણ ઉર્જા સ્ત્રોત ધ્યાને રાખી અગલથી RPO નિર્ધારીત કરે છે. જેમાં હાલની સૂર્યઉર્જા જનરેશનની ટેકનોલોજી અને તેમાંથી મળવાપાત્ર ઉર્જા ને ધ્યાન લેવામાં આવેલ છે RPO કેપ્ટીવ પવાર અને ખુલ્લા પ્રવેશવાળા ગ્રાહકો જે પણ લાગુ પાડેલ છે. જે કે આ બન્ને માટે તે અલગથી નોટીફીકેશન ની તારીખથી લાગુ પડશે. કમિશને નવીનકરણ ઉર્જા સર્ટિફેકટની પણ અલગથી જોગવાઈ કરેલ છે. (REC) જુદા જુદા નવીનીકરણ પ્રાપ્ત ઉર્જાના સ્ત્રોતમાંથી ઉર્જા ખરીદીના પ્રશુલ્ક દર પણ નક્કી કરવામાં આવેલ છે. દર નક્કી કરતી સમયે પ્રોજેક્ટ ડેવલપર ને ઉત્તેજન મળે અને સાથે સાથે ગ્રાહકોનું હિતપણ સાચવામતે બાબબતે ધ્યાને લેવામાં આવેલું છે. કમિશનના પવનઉર્જા પ્રશુલ્ક અને સૂર્ય ઉર્જા પ્રશુલ્ક આદેશો ની વિશેષતા નીચે મુજબ છે.

### (i) પવન ઉર્જા પ્રશુલ્ક આદેશ નં.૧/૨૦૧૦ તા.૩૦.૧.૨૦૧૦

કમિશને પવન ઉર્જાના માટેની પ્રશુલ્ક દર નક્કી કરતો આદેશ હિતધારકો સરકારની નિતિ અને બીજા આયોગના આદેશની ધ્યાન લેવા તા. ૩૦-૧-૨૦૧૦ બીજો આદેશ છે. કમિશને અગાઉના ૩.૩૭ રૂા. યુનીટના દરમાં સુધારો કરીને ૩.૬૫/યુનીટ કરેલ છે. કમિશને સામી સહમટી સિવાય ત્રાહિત વ્યક્તિને વેચાણની પણ મંજુરી આપેલ છે. પ્રોજેકટ ડેવલપરને ઉત્તેજન આપવા વ્યાજબી દરે પ્રવહન અને વ્હીલીંગ માટે મંજુરી આપેલ છે. જો કે સરકારી વીજ કંપની આ માટે અગાઉમાં પ્રવહન અને વ્હીલીંગ દર કરતાં વધારે દર વસુલવાની છુટ મળી છે.

### (ii) સૂર્ય-ઉર્જા પ્રશુલ્ક આદેશ નં.૨/૨૦૧૦ તા.૨૯.૧.૨૦૧૦

કમિશને રાજ્યમમાં સ્થાપિત સોલર ફોટો વોલ્ટીક અને સોલર થર્મલ પાવર પ્રોજેકટ દ્વારા રાજ્યની વિતરણ પ્રટવાનેદાર કંપનીઓને વેચવાના પ્રશુલ્ક દર નક્કી કરેલ છે. કમિશને સોલર ૨૯-૧-૨૦૧૦ના ફોટો વોલ્ટીક, સોલર થર્મલ પાવર માટેના પ્રશુલ્ક આદેશ સમયે હિતધારકો, સરકારની નિતિ અને કમિશનના વિનિમમો ધ્યાને લઈ આદેશ કરીલ છે.

### (iii) બીજા નવીનીકરણ વીજળી સ્ત્રોત

વર્ષ ૨૦૦૯-૧૦ દરમ્યાન કમિશન દ્વારા બાયો-માસ આધારિત અને બાયોમાસ આધારિત કો-જનરેશન પ્રોજેક્ટ માટે પ્રશુલ્ક નક્કી કરવાની પ્રક્રિયા શરૂ કરેલ કમિશને આ અંગેનું ચર્ચા પત્ર પ્રસિધ્ધ કરી હિત ધારકો પાસેથી સુચનો મેળવાની પ્રક્રિય હાથ ધરેલ .

### ૩.૮.૧ ખુલ્લા પ્રવેશ માટે સરચાર્જ નક્કી કરવા બાબતની સ્થિતી

વીજળી અધિનિયમ ૨૦૦૩ની જોગવાઈઓને ધ્યાને લઈ ભારત સરકારે રાષ્ટ્રીય વીજળી નિતિ અને પ્રશુલ્ક નિતી નક્કી કરેલ છે. તેની જોગવાઈ ધ્યાને લીધા છે. ઉપરાંત કમિશને વીજળી અધિનિયમ ૨૦૦૩ની નીચે વિતરણ અને પ્રવહન માટે ખુલ્લા પ્રવેશની નિતિને લગતી જોગવાઈને પણ ધ્યાને લીધેલ છે. અને એવા નિર્ણય પર આવેલ છે જો ખુલ્લા પ્રવેશને ઉત્તેજન આપવું હોય તો, સામી સહાયકીમાં ઘટાડો કરવો જરૂરી છે. જેથી ગ્રાહકો ને પરવડી શકે તેવા દરે વીજળી મળી શકે. પ્રશુલ્ક નિતિમાં નક્કી કર્યા પ્રમાણેની ફોરમ્યુલાને કમિશને સ્વીકારેલ છે. કમિશન છત ઉપરના સોલર ફોટોવોલ્ટીક પ્રોજેક્ટ માટે અને અન્ય નાના સૂર્ય ઉર્જા પ્રોજેક્ટ કે જે લો-ટેન્શન અને ૧૧ કે.વી. સીસ્ટમ સાથે જોડાયેલ છે. તેના માટે પણ એ જ પ્રશુલ્ક નક્કી કરેલ છે. જ્યારે છત પરના સોલર પ્રોજેક્ટો ગ્રીડ સામે જોડાણ મળવે ત્યારે તેના માટે મીટર લગાવવા અને સુરક્ષાની બાબતો અંગે સરકાર કંપનીઓ, ગુજરાત ઉર્જા વિકાસ સંસ્થા, મુખ્ય ઈલેક્ટ્રીકલ ઈન્સપેક્ટર સાથે ચર્ચા કરી ધારાધોરણ નિર્ધારિત કરવા ચર્ચાઓ કરેલ છે.

વાતાવરણના બદલાવને ધ્યાને લઈ ભારત સરકાર સૌર ઉર્જા પર ભાર મુકવા માટે રાષ્ટ્રીય એકશન પ્લાન બનાવેલ છે. ભારત સરકારે જવાહરલાલ નહેરૂ રાષ્ટ્રીય સૌર કાર્યક્રમ નીચે સૂર્યઉર્જાને ઉત્તેજન આપવા વિવિધ યોજનાઓ બનાવેલ છે. કમિશન કે જેણે સૌર ઉર્જા માટે એકત્રિત પ્રશુલ્ક આદેશ કર્યા હોય તેવું દેશનું પ્રથમ કમિશન છે. આ આદેશ સૂર્યઉર્જાના પ્રોજેક્ટ સ્થાપવા માગતા ડેવલપરોને સૂર્યઉર્જા ઉત્પાદિત કરી વીજ વિતરણ પરવાનેદારોને વેચી શકશે. વીજ વિતરણ પરવાનેદારોને તેમના RPO પૂર્ણ કરવા માટે સૂર્ય ઉર્જા પ્રોજેક્ટો પાસેથી ઉર્જા ખરીદવી જરૂરી બને છે.

ઉચાં દબાણવાળા ગ્રાહકો માટે સામી સહાયકી સરચાર્જ ૦.૫૧ રૂા./ કિલો વોટ અવર (જે શરૂઆત સામી સહાયકીના સરચાર્જ દરના ૨૮% છે.) અને રેલ્વે માટે રૂા.૦.૯૬/ કિલો વોટ અવર પ્રશુલ્ક નિતિમાં દર્શાવેલ પદ્ધતિ પર આધારિત નક્કી કરવામાં આવેલ હતો. વીજળી અધિનિયમ ૨૦૦૩ અને રાષ્ટ્રીય વિજળી નિતી ની જોગવાઈઓ ધ્યાને લેતા ખુલ્લા પ્રવેશને ઉત્તજન આપવા માટે ધીરે ધીરે સામી સહાયકીમાં ઘટાડો કરવો જરૂરી છે. જેથી વધુ ને વધુ ગ્રાહકો ખુલ્લા પ્રવેશને સ્વીકારે તે માટે HT/EHT ઉદ્યોગ અને રેલ્વે માટે કમિશને સમાન દર ૦.૫૧/ કિલો વોટ અવર સામી સહાયકી સરચાર્જ નક્કી કરેલ છે.

**૩.૮.૨ વીજળી મેળવવા કુદરતી પરીબળોનો ઉપયોગ**

વીજળી મેળવવા કુદરતી પરીબળોનો ઉપયોગ પણ જરૂરી છે. જેથી માંગ અને પુરવઠા વચ્ચેનો ગાળો ઘટાડી શકાય રાજ્ય સરકારે તેની દુરંદેશી નિતિથી કેપ્ટીવ જનરેશનને ઉત્તેજન આપતા, ગુજરાત દેશમાં કેપ્ટીવ પાવર પ્લાન્ટ ધરાવતું મોખરાનું રાજ્ય છે. ૩૧ માર્ચ ૨૦૧૦ની સ્થિતિએ રાજ્યમાં ૬૦ કેપ્ટીવ પાવર પ્લાન્ટ છે. જેની ઉત્પાદન ક્ષમતા ૩૩૩૭ મેગાવોટ છે. આ રાજ્યના અન્ય નેટવર્કની સમાંતર કાર્યશીલ છે. આમાંના મોટાભાગના પ્લાન્ટ સરકારી વીજ કંપનીઓ સાથે તેમનો વધારો નો પાવર ગ્રીડમાં દાખલ કરવાન કરાર ધરાવે છે. સામી સહાયકીના દરમાં ઘટાડો કરેલ છે. તેથી ખુલ્લા પ્રવેશને ઉત્તેજન મળે અને અંતે ગ્રાહકોને પરવડે તેવી કિંમતે વીજળી મળી શકે કેપ્ટીવ પાવર પ્લાન્ટ ધરાવતા ગ્રાહકોએ તેમના વીજ લોડમાં ઘટાડો કરેલ છે. પેરેલલ ઓપરેશન ચાર્જિસ હાલમાંના હાઈકોર્ટના ખાસ દિવાની અરજી ૨૬૩૭૯/૨૦૦૬ અને પરચુરણ દિવાની અરજી નં.૨૮૪૪/૨૦૦૮ માં કરેલ આદેશ મુજબ લેવામાં આવે છે. કમિશને નક્કી કરેલ વ્હીલીંગ ચાર્જ લેવામાં આવે છે.


## ૩.૯ પીટીશનો અને અપીલોનો નિકાલ


વર્ષ ૨૦૦૯-૧૦ દરમ્યાન આયોગે ૬ લાયસન્સ અરજી ઉપરાંત ૬૦ પીટીશન અને ૯ પરચુરણ અરજી, ૨ અપીલ સહિત ૭૭ અરજીઓ હાથ ધરી હતી.

આયોગ પાસે બાકી રહેલી પીટીશન વગેરેની છેલ્લી સ્થિતિ નીચેના કોઠામાં વર્ણવેલ છે.

| **વિગત** | **બાકી વર્ષ ૩૧-૩-૨૦૦૯** | **મેળવેલી વર્ષ** | **કુલ** | **દરમ્યાન વર્ષ** | **બાકી ૩૧-૩-૨૦૦૯** |
|---|---|---|---|---|---|
| પીટીશન | ૧૬ | ૪૪ | ૬૦ | ૩૫ | ૨૫ |
| અપીલ | ૧ | ૧ | ૨ | - | ૨ |
| પરચુરણ એપ્લીકેશન | ૫ | ૪ | ૯ | ૮ | ૧ |
| લાયસન્સ એપ્લીકેશન | ૫ | ૧ | ૬ | ૪ | ૨ |
| **કુલ** | **૨૭** | **૫૦** | **૭૭** | **૪૭** | **૩૦** |

## પીટીશન, અપીલો, પરચૂરણ અરજીઓ, લાયસન્સ અરજીઓના નિકાલની વિગતો વર્ષ ૨૦૦૯-૧૦



## ૩.૧૦ પરવાના અરજીઓ

કમિશને વર્ષ દરમ્યાન સ્પેશીયલ ઈકોનોમીક ઝોનના ડેવલપર/સહડેવલપર કરેલ નીચેની પરવાના અરજી આ બાબતે નિર્ણય કર્યો.

### ૩.૧૦.૧ ટોરેન્ટ પાવર લીમીટેડ

ટોરેન્ટ પાવર લીમીટેડે કે જે દહેજ સેઝ (SEZ) વિસ્તારમાં સહ ડેવલપર છે. તેમણે તે વિસ્તારમાં વીજ વિતરણ પરવાનો માટે કમિશને વીજળી અધિનિયમ ૨૦૦૩ની કલમ-૧૪ નીચે બીજા પરવાનેદાર તરીકે વીજ વિતરણ પરવાનો આપ્યો. આ વિસ્તાર હાલમાં દક્ષિણ ગુજરાત વીજ કંપનીના વીજ વિતરણમાં છે.

### ૩.૧૦.૨ સાયેન્ફા એન્જીનીયરીંગ એન્ડ કંન્સ્ટ્રકશન લી. (અગાઉ સુજલોન ઈન્ફાસ્ટ્રાકચર લી.)

આ કંપની વડોદરા જિલ્લાના વાઘોડિઆમાં અને પીપલજ ગામ ખાતે જે સેઝ સ્થાપેલ છે. તેના ડેવલપર છે. જેમણે કમિશન પાસે સેઝ વિસ્તારમાં વીજ વિતરણ પરવાનો માગ્યો. કમિશને યોગ્ય પધ્ધતિ અનુસરી ને ભારત સરકાર નોટીફાઈડ કરેલ સેઝ વિસ્તાર માટે પરવાનો આપવા સંમતિ આપી. કમિશને વીજળી અધિનિયમ ૨૦૦૩ની કલમ૧૪ નીચે વીજ વિતરણ માટે અરજદારને બીજા પરવાનેદાર તરીકે પરવાનો આપ્યો. આ વિસ્તાર હાલના પરવાનેદાર મધ્ય ગુજરાત વીજ કંપનીની નીચે છે.

### ૩.૧૦.૩ ગ્લોબલ એનર્જી લીમીટેડ

ગ્લોબલ એનર્જી લીમીટેડ રાજ્યની અંદર વીજ વેચાણ માટે પરવાનો માગ્યો કમિશને આ બાબત સાંભળી અને અરજદારને પરવાનો આપવાની કાર્યવાહી હાથ ધરી વીજળી અધિનિયમ-૨૦૦૩ની કલમ ૧૫ (૫) નીચે હિતધારકો પાસેથી વાંધા સુચનો મંગાવતી જાહેર નોટીસ પણ પ્રસિધ્ધ કરવામાં આવી કમિશન દ્વારા સુનાવણી હાથ ધરવામાં આવી. તે દરમ્યાન એવું ધ્યાને આવ્યું કે અરજદારે રજુ કરેલ કેટલાક ડોક્યુમેન્ટની ખરાઇ કરવી જરૂરી છે. અરજદારને આ બાબતે પૂર્તતા કરવા જણાવવામાં આવ્યું અને ત્યાં સુધી અંતિમ આદેશ મુલત્વી રાખવામાં આવેલ છે.

## ૩.૧૧ અર્થ-ટર્મીનલ અંગેના આદેશનો અમલ

ભારતીય વિદ્યુત નિયમો ૧૯૫૬ના નિયમ ૩૩ નીચે કમિશને દરેક ગ્રાહકના પ્રીમાઈસીસમાં અર્થ ટર્મીનલ પુરૂ પાડવા આદેશ કર્યો. કમિશને સરકારી કંપનીઓને ગ્રાહકના પ્રીમાઈસીસમાં કેન્દ્રીય વીજળી સંસ્થા/મુખ્ય ઈલેક્ટ્રીકલ ઇન્સપેક્ટર ગુજરાત રાજ્ય દ્વારા સુચવ્યા પ્રમાણે અર્થ ટર્મીનલ આપવા સુચના આપી. આ ઉપરાંત કમિશને ERDA દ્વારા

અભ્યાસ કરવા સુચના આપી. જેથી કેન્દ્રીય વિજળી સંસ્થા દ્વારા સૂચવેલ પદ્ધતિમાંથી કંઈ પદ્ધતિ અનુસરી શકાય તે નક્કી કરી શકાય આ ઉપરાંત સમય મર્યાદા અને અર્થ ટર્મીનલ ઉપભોક્તાની જગ્યામાં પૂરો પાડવા માટે થનાર ખર્ચની અસર ચકાસવા જણાવ્યું. આયોગે ઉપરોક્ત આદેશમાં આપેલ સૂચના અનુસાર રાજ્ય સરકારની વીજ વિતરણ કંપનીઓએ ERDA ને તાંત્રિક અને નાણાકીય અસરો અંગે અભ્યાસ કરવા જણાવ્યું. ERDA એ આ અંગેનો અભ્યાસ અહેવાલ નાણાકીય બોજા અંગેની વિગતો સાથે વીજ વિતરણ કંપનીઓને રજૂ કરેલ છે.

આયોગે આ અહેવાલનું પૃથ્થકરણ કરી વીજ વિતરણ કંપનીઓને તેના અમલીકરણ માટેનું આયોજન કરી આયોગની મંજૂરી માટે રજૂ કરવા જણાવ્યું. વીજ વિતરણ કંપનીઓએ તેમના વિસ્તારમાં આપવામાં આવતાં નવા વીજ જોડાણોમાં અર્થ ટર્મીનલ આપવાની પહેલ કરેલ છે.

## ૩.૧૨ આંતર રાજ્ય પ્રાપ્યતા આધારિત પ્રશુલ્કની સ્થિતિ

- આયોગે ૧૧-૮-૨૦૦૬ ના રોજ પ્રાપ્યતા આધારિત પ્રશુલ્ક આદેશ બહાર પાડ્યો હતો. તેમાં અમલ પૂર્વે SLDC દ્વારા મોક ટ્રાયલ હાથ ધરવાની જોગવાઈ કરી છે SLDC એ બધા હિતાધિકારીઓ સાથે મોક ટ્રાયલ હાથ ધરી હતી અને તેઓએ ૬૪૩ સ્થળોએ પ્રાપ્યતા આધારિત પ્રશુલ્ક સુસંગત વીજળી મીટરો ગોઠવ્યા હતાં અને સાચા સમયના આધારે અમલ કર્યા હતા.
- વિતરણ પરવાનેદારોએ વીજભાર રવાનગી કેન્દ્રો સ્થાપ્યાં છે. જેઓએ સ્વતંત્ર રીતે કામકરવું શરૂ કર્યુ છે.
- રાજ્ય વીજળી હિસાબો સેઝ માં સમાવિષ્ટ છે. (૧) પ્રાપ્યતા/અધિકારિતા સારાંશ (૨) આંતરરાજ્ય દ્વિપક્ષી એક્સચેન્જનો સારાંશ (૩) રાજ્ય વીજ ઉત્પાદન મથકોને સમયસારણી આધારીત ઉર્જાનો સારાંશ (૪) WR-NTPC માંથી આંતર રાજ્ય વીજ એક્સક્ચેન્જની વીજ ઉત્પાદન મથક/અધિકારિતા. (૫) એસ. જી. એસ. મથકો માટે પ્રોત્સહન ગણતરીની વિગતો (૬) પ્રવાહન/વ્હીલીંગ ચાર્જની વિગતો. (૭) સી.જી.પી. હિસાબોની વિગત અને (૮) SLDC દ્વારા હાથ ધરાયેલ, રાજ્યમાં વીજળી ફાળવણી વિવિધ ખર્ચની પતાવટ માટે રાજ્ય વીજળી હિસાબો શરૂ કરવામાં આવ્યા છે. અને આંતર સક્રિય વેબસાઈટ દ્વારા પ્રસિધ્ધ કરેલ છે.
- આયોગે SLDC દ્વારા મોક-ટ્રાયલના મુલ્યાંકનની પ્રક્રિયા શરૂ કરેલ હતી. અને આંતર રાજ્ય પ્રાપ્યતા આધારિત પ્રશુલ્કના સંપૂર્ણ વાણિજિયક સંચાલન માટે પ્રક્રિયા શરૂ કરેલ છે.

## ૩.૧૩ વિવાદો અને મતભેદોનો ન્યાય નિર્ણય

- **ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**

  ગ્રાહક ફરિયાદોના યોગ્ય નિવારણની જરૂરીયાત પારખીને વીજળી અધિનિયમ ૨૦૦૩ની કલમ ૪૨(૫) અન્વયે એ જરૂરી છે કે વિતરણ પરવાનેદારો ગ્રાહક ફરિયાદ નિવારણ માટે ફોરમોની સ્થાપના કરે. ઉપરાંત ફોરમના નિર્ણયો સામે રજુઆત માટે વિદ્યુત લોકપાલની કચેરી સ્થાપવાની પણ જોગવાઈ કરી છે. અન્ય ઉપરાંત આ વધારાના માર્ગો છે. જે વિતરણ પરવાનેદારો ગ્રાહક ફરિયાદ નિવારણ માટે ઉભા કરી શકે.

- રાજ્યમાં કામ કરતાં છ વિતરણ પરવાનેદારોએ ગ્રાહક ફરિયાદ નિવારણ માટે ફોરમોની સ્થાપના કરી છે. આયોગે વિતરણ પરવાનેદારો દ્વારા સ્થાપિત દરેક ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમોમાં સ્વતંત્ર સભ્યની નિમણૂંક કરી છે. આયોગ, તેઓ દ્વારા રજુ થતાં ત્રિમાસિક અહેવાલો મારફત અને સમીક્ષા બેઠક દ્વારા આવા ફોરમોની કામગીરી પર દેખરેખ રાખે છે.

- **વિદ્યુત લોકપાલ :**

  આયોગે વિદ્યુત લોકપાલની કચેરીની સ્થાપના કરી છે. ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગે તા. ૫ ઓગષ્ટ, ૨૦૦૫ના જાહેરનામા નં. GERC/OMNBD/T-૧૧/૧૨૬૮/૨૦૦૫ અન્વયે સચિવ, ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગને વિદ્યુત લોકપાલ તરીકે નામ નિર્દિષ્ટ કર્યા હતા.

  આયોગે તા. ૩૧, ડિસેમ્બર, ૨૦૦૯ના રોજ શ્રી વી. ટી. રાજપરાની પ્રથમ સ્વતંત્ર વિદ્યુત લોકપાલ તરીકે નિમણૂંક કરી છે. જેમને સહાયરૂપ કર્મચારી અને અલગ સ્વતંત્ર કચેરી ફાળવવામાં આવેલ છે.

ફોરમના આદેશ સામેની રજુઆતો વિદ્યુત લોકપાલ સમક્ષ દાખલ કરાય છે. વિદ્યુત લોકપાલ ૨૦૦૫ ના વિદ્યુત લોકપાલ વિનિયમોની અનુસાર જરૂરી હુકમો આપે છે. વિદ્યુત લોકપાલની કચેરીને મળેલી રજુઆતોની વિગતો નીચે પ્રમાણે છે.

| વર્ષ શરૂઆતમાં બાકી કેસોની સંખ્યા | વર્ષ દરમિયાન મળેલા કેસોની સંખ્યા | વર્ષ દરમિયા નિકાલ કરેલ કેસોની સંખ્યા |
|---|---|---|
| ૦ | ૫૬ | 33 |

મળેલ રજુઆતોનું સ્વરૂપ અને તેમનું ફોરમવાર વિભાજન અનુક્રમે જોડાણ ૭ અને જોડાણ ૮ માં આપ્યું છે.

## ૩.૧૪ રાજ્ય સલાહકાર સમિતિ

૨૦૦3 ના વીજળી અધિનિયમના સંદર્ભમાં ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગે વીજળી ક્ષેત્રે વાણિજ્ય, ઉદ્યોગ, પરિવહન, કૃષિ, ગ્રાહકો, બિનસરકારી સંસ્થાઓ, શિક્ષણ અને સંશોધન ક્ષેત્રોના નિષ્ણાંત સભ્યોની બનેલી રાજ્ય સલાહકાર સમિતિની રચના કરી છે. સમિતિ નીચેના મુદ્દાઓ અંગે વિચારણા અને ચર્ચા કરવા નિયમિત મળે છે.

- નીતિ વિષયક બાબતો,
- પરવાનેદાર દ્વારા અપાતી સેવાની ગુણવત્તા, સાતત્ય અને ધોરણો.
- પરવાનેદારો દ્વારા લાઈસન્સની શરતોનો અમલ.
- ગ્રાહકના હિતનું રક્ષણ અને
- વીજળી ક્ષેત્રને લગતા બીજા કોઈપણ પાસા

## ૩.૧૫ તાલીમ કાર્યક્રમો

આયોગના કર્મચારીઓએ નીચે મુજબ જુદા-જુદા તાલીમ કાર્યક્રમોમાં હાજરી આપી હતી.

| નં. | તાલીમ કાર્યક્રમની વિગત | તારીખ | તાલીમાર્થી |
|---|---|---|---|
| ૧. | કેન્દ્રીય વિદ્યુત નિયંત્રક આયોગ દ્વારા આયોજિત REC અંગેની તાલીમ, નવી દિલ્હી | ૧૯-૪-૨૦૦૯ | શ્રી એસ.આર.પાંડે લીંગલ એડવાઈઝર |
| ૨. | ડીમાન્ડ વિદ્યુત નિયંત્રક આયોગ દ્વારા આયોજિત REC અંગેની તાલીમ, નવી દિલ્હી | ૧૫-૬-૨૦૦૯ થી ૧૮-૬-૨૦૧૦ | શ્રી ડી.આર.પરમાર એક્ઝીક્યુટીવ |
| ૩. | આઈ.આઈ.ટી. કાનપુર ખાતે કેપેસીટી બિલ્ડીંગ અંગેની તાલીમ | ૩-૮-૨૦૦૯ થી ૮-૮-૨૦૦૯ | શ્રી એસ.આર.પાંડે લીગલ એડવાઈઝર |
| ૪. | ડીમાન્ડ સાઈડ મેનેજમેન્ટ અને ઉર્જા કાર્યદક્ષતા NPTI ફરીદાબાદ | ૭-૯-૨૦૦૯થી ૮-૯-૨૦૦૯ | શ્રી ડી.આર.પરમાર એક્ઝીક્યુટીવ |
| ૫. | WISE દ્વારા આયોજિત રેગ્યુલેટરી પોલીસી ફ્રેમવર્ક અંગેની તાલીમ | ૧૭-૧૨-૨૦૦૯ થી ૧૮-૧૨-૨૦૦૯ | શ્રી ડી.આર.પરમાર એક્ઝીક્યુટીવ |

## ૩.૧૬ નિયંત્રક ફોરમની બેઠકો

કેન્દ્ર અને રાજ્ય વીજળી વિનિયમની પ્રવૃત્તિઓનું સંકલન કરવા ભારત સરકારે ૨૦૦૩ની વીજળી અધિનિયમની કલમ ૧૬૬ (૨) અન્વયે નિયંત્રક ફોરમની સ્થાપના કરી છે. ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના ચેરમેન આ ફોરમના સભ્ય છે. તેમણે ફોરમની વિવિધ બેઠકો અને FOR દ્વારા રચાયેલ વિવિધ અભ્યાસ જુથની બેઠકો માં સક્રીય ભાગ લીધો હતો જેની વિગત નીચે મુજબ છે.

| નં. | નિયંત્રક ફોરમની બેઠક | તારીખ | હાજરી આપી |
|---|---|---|---|
| ૧. | નવી દિલ્હી ખાતે | ૧૧-૧૨ જુન ૨૦૦૭ | ડૉ. પી.કે.મિશ્રા,અધ્યક્ષ |
| ૨. | મીટરીંગ અંગેના વર્કીંગ ગ્રુપની બેઠક | ૧૬-૧૭ જુલાઈ ૨૦૦૯ | ડૉ. પી.કે.મિશ્રા,અધ્યક્ષ |
| ૩. | ફોર વર્કીંગ ગ્રુપ બેઠક | ૩, સપ્ટેમ્બર ૨૦૦૯ | ડૉ. પી.કે.મિશ્રા,અધ્યક્ષ |
| ૪. | ફોર બેઠક, નવી દિલ્હી | ૪, સપ્ટેમ્બર ૨૦૦૯ | ડૉ. પી કે.મિશ્રા,અધ્યક્ષ |
| ૫. | ફોર વર્કીંગ ગ્રુપ બેઠક, નવી દિલ્હી | ૨૭,ઓક્ટોબર ૨૦૦૯ | ડૉ. પી.કે.મિશ્રા,અધ્યક્ષ |
| ૬. | અમૃતસર, પંજાબ ખાતે ફોર બેઠક | ૧૯-૨૦ નવેમ્બર | ડૉ. પી.કે.મિશ્રા,અધ્યક્ષ |
| ૭. | ફોર સ્થાયી સમિતિની બેઠક(ખાસ આમંત્રિત) | ૧, ડિસેમ્બર ૨૦૦૯ | ડૉ. પી.કે.મિશ્રા,અધ્યક્ષ |
| ૮. | ડી.એસ.એમ.પરના ફોર વર્કીંગ ગ્રુપની બેઠક | ૧૫, જાન્યુ. ૨૦૧૦ | ડૉ. પી.કે.મિશ્રા,અધ્યક્ષ |
| ૯. | લખનૌ ખાતે ફોર બેઠક | ૧, ફેબ્રુઆરી ૨૦૧૦ | ડૉ. પી.કે.મિશ્રા,અધ્યક્ષ |
| ૧૦. | ફોર વર્કીંગ ગ્રુપ બેઠક, નવી દિલ્હી | ૧૧, ફેબ્રુઆરી ૨૦૧૦ | ડૉ. પી કે.મિશ્રા,અધ્યક્ષ |

## ૩.૧૭ ભારતીય નિયંત્રક ફોરમની બેઠકો

ભારતીય નિયંત્રક ફોરમ નિયંત્રક સંસ્થાઓની કામગીરીમાં પારદર્શકતાને ઉત્તેજન આપવા, ગ્રાહક હિતનું રક્ષણ કરવા અને ગ્રાહક સલાહ સંસ્થાઓ વિકાસાવવા, નિયંત્રક સંસ્થાઓ, વિતરણ કંપનીઓ અને અન્ય હિતસંબંધીઓનાં માનવીય અને સંસ્થાત્મક ક્ષમતા વિકસાવવા સ્વતંત્ર વિનિયમની ક્ષમતા અને અસરકારક્તાનું સંશોધન કરવા છે. જે નિયંત્રક કાયદા અને પ્રેકટિસ તથા નિયંત્રક અર્થતંત્ર અંગે માહિતી આધાર પુરો પાડવા અને ભારતમાં શૈક્ષણિક સંશોધન સંસ્થાઓ ધંધાદારી, સંસ્થાઓ તથા બિનસરકારી સંસ્થાઓ સાથે તથા આંતરરાષ્ટ્રીય દ્રષ્ટિએ હિતકારક વિસ્તારોમાં મંડળીને હિત માટે સહકાર સાધવા મંડળી નોંધણી અધિનિયમ હેઠળ સ્થપાયેલ મંડળી છે. ૨૦૦૯-૧૦ના વર્ષ દરમિયાન નિયંત્રક ફોરમની બેઠક નીચે મુજબ યોજવામાં આવી હતી.

| ભારતીય નિયંત્રક ફોરમની બેઠક | તારીખ | હાજરી આપી |
|---|---|---|
| નવી દિલ્હી ખાતે બેઠક | ૧૧,૧૨ જુન ૨૦૦૯ | ડૉ. પી.કે.મિશ્રા-અધ્યક્ષ |
| નિયંત્રક ફોરમ વર્કીંગ ગ્રુપ બેઠક નવી દિલ્હી | ૩૦, જુલાઈ ૨૦૦૯ | ડૉ. પી.કે.મિશ્રા-અધ્યક્ષ |
| નિયંત્રક ફોરમ વર્કીંગ ગ્રુપ બેઠક નવી દિલ્હી | ૧૫, ઓક્ટોબર ૨૦૦૯ | ડૉ. પી.કે.મિશ્રા-અધ્યક્ષ |
| ભારતીય નિયંત્રક ફોરમની બેઠક અમૃતસર, પંજાબ | ૧૯,૨૦ નવેમ્બર ૨૦૦૯ | ડૉ. પી.કે.મિશ્રા-અધ્યક્ષ શ્રી પ્રવિણભાઈ પટેલ સભ્ય (તાંત્રિક) |
| નીતિ અંગેની ભારતીય નિયંત્રક ફોરમની બેઠક | ૧૧ ડિસેમ્બર, ૨૦૦૯ | ડૉ. પી.કે.મિશ્રા-અધ્યક્ષ |

# ૪. વાર્ષિક હિસાબો

ગુજરાત વીજળી નિયંત્રક આયોગના ફંડનું સંચાલન ૨૦૦૫ના ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ફંડ નિયમો દ્વારા થાય છે. ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગની આવકમાં મુખ્યત્વે લાઈસન્સ અને પીટિશન ફીનો સમાવેશ થાય છે. કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલ દ્વારા ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ફંડનું દર વર્ષે ઓડિટ થાય છે. રાજ્ય વિધાનસભા સમક્ષ વાર્ષિક હિસાબો રજુ થાય છે.

ફંડનું રોકાણ રાષ્ટ્રીયકૃત બેન્કો તથા રાજ્ય દ્વારા પુરસ્કૃત નાણાંકીય સંસ્થાઓમાં થાય છે. ફંડનું સંચાલન ૧૯૭૧ના વખતોવખતના સુધારેલા ગુજરાત નાણાંકીય નિયમો દ્વારા થાય છે. વધારાના નાણાનું રોકાણ રાષ્ટ્રીયકૃત બેન્કો તથા રાજ્ય સરકારની નાણાંકીય સંસ્થાઓમાં નિયત થાપણોમાં થાય છે. ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગને ગુજરાત સરકાર તરફથી કોઈ અનુદાન/નાણાંકીય સહાય મળતી નથી અને તે ૨૦૦૫ નાણાકીય રીત સ્વનિર્ભર છે.

**ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ**
**નાણાંકીય પત્ર**
**૩૧મી માર્ચ ૨૦૧૦ ના રોજ મુજબ સરવૈયુ**

| | | **રકમ રૂા.** |
|---|---|---|
| **આવક** | **૨૦૦૯-૧૦** | **૨૦૦૮-૦૯** |
| કોર્પસ - ગુ. વિ. નિ. આયોગ મૂડી ફંડ | ૩૯,૦૦,૦૦,૦૦૦.૦ | ૨૬,૫૦,૦૦,૦૦૦.૦૦ |
| અનામત અને પુરાંત | ૨,૯૪,૯૧,૪૩૯.૭૯ | ૧,૭૧,૭૬,૨૪૧.૩૮ |
| અંકિત દેણગી ફંડ | ૦.૦૦ | ૦.૦૦ |
| તારણવાળી લોન અને ઉછીના નાણાં | ૦.૦૦ | ૦.૦૦ |
| તારણ વિનાની લોન અને ઉછીના નાણાં | ૦.૦૦ | ૦.૦૦ |
| વિલંબીત ધિરાણ જવાબદારીઓ | ૦.૦૦ | ૦.૦૦ |
| ચાલુ જવાબદારીઓ અને જોગવાઇ | ૯૫,૭૭,૧૯૭.૧૦ | ૭૭,૬૯,૮૫૫.૬૫ |
| **સરવાળો રૂા.** | **૪૨,૯૦,૬૮,૬૩૬.૮૯** | **૨૮,૯૯,૪૬,૦૯૭.૦૩** |
| અસ્કયામતો | | |
| સ્થાયી અસ્કયામતો | ૧,૯૫,૧૨,૯૬૯.૫૮ | ૪૧,૦૩,૩૯૧.૨૧ |
| અંકિત/દેણગી ફંડોમાંથી મૂડીરોકાણ | ૦.૦૦ | ૦.૦૦ |
| અન્ય મૂડી રોકાણ | ૦.૦૦ | ૦.૦૦ |
| ચાલુ અસ્કયામતો, લોન, પેશગીઓ પ્રકીર્ણ ખર્ચ | ૪૦,૯૫,૫૫,૬૬૭.૩૧ | ૨૮,૫૮,૪૨,૭૦૫.૮૨ |
| **સરવાળો રૂા.** | **૪૨,૯૦,૬૮,૬૩૬.૮૯** | **૨૮,૯૯,૪૬૦૯૭.૦૩** |

# ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ
## આવક અને ખર્ચનુ પત્રક
## ૩૧મી માર્ચ ૨૦૧૦ના રોજ પૂરા થતા વર્ષ માટે આવક અને ખર્ચનો હિસાબ

રકમ રૂા.

| આવક | ૨૦૦૯-૧૦ | ૨૦૦૮-૦૯ |
|---|---|---|
| વેચાણ / સર્વિસમાંથી આવક | ૦.૦૦ | ૦.૦૦ |
| અનુદાન / સહાયકી | ૦.૦૦ | ૦.૦૦ |
| ફી અને ચાર્જ | ૧૪,૨૮,૪૫,૦૬૨.૦૦ | ૯,૩૪,૧૨,૩૩૭.૦૦ |
| મૂડી રોકાણમાંથી આવક (મૂડી રોકાણ | ૦.૦૦ | ૦.૦૦ |
| અંગે ફંડ ખાતે તબદીલ કરેલ અંકિત રોયલટી, પ્રકાશનો વગેરેમાથી આવક) | ૦.૦૦ | ૦.૦૦ |
| પ્રાપ્ત કરેલ વ્યાજ | ૨,૮૦,૩૦,૧૮૯.૮૪ | ૨,૩૮,૪૪,૧૦૯.૦૫ |
| અન્ય આવક | ૧૯,૭૦૯.૦૦ | ૨૬,૦૫૫.૦૦ |
| તૈયાર માલનો સ્ટોકમાં વધારો/ ઘટાડો અને ચાલુ કામ | ૦.૦૦ | ૦.૦૦ |
| **સરવાળો રૂા.** | **૧૭,૦૮,૯૪,૯૬૦.૮૪** | **૧૧,૭૨,૮૨,૫૦૧.૦૫** |
| ખર્ચ | | |
| મહેકમ ખર્ચ | ૧,૮૪,૪૧,૫૨૭.૯૬ | ૧,૩૧,૭૨,૩૮૩.૦૦ |
| અન્ય વહીવટી ખર્ચ વગેરે | ૧,૪૧,૧૩,૯૬૭.૪૭ | ૯૮,૨૧,૫૭૧.૦૦ |
| અનુદાન, સહાયકી ખર્ચ વગેરે | ૦.૦૦ | ૦.૦૦ |
| વ્યાજ | ૦.૦૦ | ૦.૦૦ |
| ઘસારો (અનુસૂચિ-૮ને અનુરૂપ વર્ષને અંતે ચોખ્ખો સરવાળો) | ૧૦,૨૪,૨૬૭.૦૦ | ૬,૨૬,૯૮૨.૦૦ |
| | | |
| **સરવાળો રૂા.** | **૩,૩૫,૭૯,૭૬૨.૪૩** | **૨,૩૬,૨૦,૯૩૬.૦૦** |
| ખાસ અનામત ખાતે તબદીલી | ૧૩,૭૩,૧૫,૧૯૮.૪૧ | ૯,૩૬,૬૧,૫૬૫.૦૫ |
| (દરેક નિર્દિષ્ઠ કરવું) | ૧૨,૫૦,૦૦,૦૦૦.૦૦ | ૯,૦૦,૦૦,૦૦૦.૦૦ |
| સામાન્ય અનામત ખાતે/ માંથી તબદીલી | ૧,૨૩,૧૫,૧૯૮.૪૧ | ૩૬,૬૧,૫૬૫.૦૫ |
| સિલક બાકી જમા હોઇ સરવૈયામાં તબદીલી નોંધ પાત્ર હિસાબ નિતીઆકસ્મિક જવાબદારીઓ અને હિસાબો પર નોંધ | ૦.૦૦ | ૦.૦૦ |


# જોડાણ - ૧

## આયોગનું આંતરિક માળખું

| ક્રમ નં. | જગ્યાનું નામ | મંજુર કરેલ જગ્યાની સંખ્યા | ભરેલી જીવાઓની સંખ્યા | | | ખાલી જગ્યાઓ |
|---|---|---|---|---|---|---|
| | | | પ્રતિનિયુક્તિ પર | કોન્ટ્રાકટ પર | કાયમી ધોરણે | |
| ૧. | સચિવ | ૦૧ | ૦૧ | ૦ | ૦ | ૦ |
| ૨. | નિયામક | ૦૧ | ૦ | ૦ | ૦ | ૦૧ |
| ૩. | સંયુક્ત નિયામક | ૦૩ | ૦ | ૦ | ૦૧ | ૦૨ |
| ૪. | કાનૂની સલાહકાર | ૦૧ | ૦૧ | ૦ | ૦ | ૦ |
| ૫. | નાયબ નિયામક | ૦૬ | ૦૪ | ૦ | ૦ | ૦૨ |
| ૬. | હિસાબી અધિકારી | ૦૧ | ૦૧ | ૦ | ૦ | ૦ |
| ૮. | માહિતી ટેકનોલોજી મેનેજર | ૦૨ | ૦ | ૦ | ૦ | ૦૨ |
| ૮. | મદદનીશ નિયામક | ૦૨ | ૦ | ૦ | ૦ | ૦૨ |
| ૯. | અંગત મદદનીશ અંગ્રેજી સ્ટેનો | ૦૪ | ૦૧ | ૦ | ૦૩ | ૦ |
| ૧૦. | અંગત મદદનીશ ગુજરાતી સ્ટેનો | ૦૧ | - | - | ૦૧ | ૦ |
| ૧૧. | એકઝીક્યુટીવ | ૦૯ | ૦૧ | ૦ | ૦૪ | ૦૪ |
| ૧૨. | જૂનીઅર મદદનીશ | ૦૨ | ૦ | ૦ | ૦ | ૦૧ |
| ૧૩. | લાઈબ્રેરીયન | ૦૧ | ૦ | ૦ | ૦ | ૦૧ |
| ૧૪. | રીસેપ્શનીસ્ટ | ૦૧ | ૦ | ૦ | ૦ | ૦૧ |
| ૧૫. | ટેલીફોન ઓપરેટર | ૦૧ | ૦ | ૦ | ૦ | ૦૧ |
| ૧૬. | ડ્રાઈવર ક્મ એટેન્ડન્ટ | ૦૮ | ૦ | ૦ | ૫ | ૦૩ |
| ૧૭. | પટ્ટાવાળા | ૦૬ | ૦ | ૦ | ૦ | ૦૨ |
| | **કુલ** | **૫૦** | **૦૯** | **૦** | **૧૮** | **૨૩** |

# જોડાણ-૨

## આયોગનો વ્યવસ્થાપકીય ચાર્ટ



# જોડાણ-3

## વર્ષ ૨૦૦૯-૧૧ દરમ્યાન નિકાલ કરેલ પીટીશનની વિગતો

| ક્રમ નં. | પીટીશનન નં. | દાખલ કરનાર | વિષય |
|---|---|---|---|
| ૧. | ૯૦૯/૨૦૦૭ | સી.ઈ.આર.એસ. વિરૂધ્ધ સી.ઈ.આઈ. જી.યુ.વી.એલ. અને ડીસ્કોમ્સ | ઈન્ડીયન ઇલેક્ટ્રીક્લ રૂલ્સ ૧૯૬૫ ના રૂલ્સ ૩૩ મુજબ મુજબ ગ્રાહકના સ્થળ ઉપર અર્થીંની વ્યવસ્થા કરવા બાબત |
| ૨. | ૯૩૧/૨૦૦૮ | જેટકો વિરૂધ્ધ જી.યુ.વી.એન.એલ. | જી.ઈ.આર.સી.ના આદેશ નં.૩/૨૦૦૬ની સમીક્ષા અને આંતર રાજ્ય એબીટીની માર્ક અને અન્ય ટ્રાયલ અંગે જેટકોએ રજુ કરેલ રિપોર્ટ બાબત. |
| ૩. | ૯૩૩/૨૦૦૮ | ઈન્ડીયન વિન્ડ એનર્જી | પુન પ્રાપ્ય ઉર્જા ખરીદ કર્તાના સંઘ દ્વારા ગુ.ઉ.વી.નિ.લિ.વિ. ટેરીફ બાબત |
| ૪. | ૯૪૯/૨૦૦૮ | બી.કે.ઠક્કર વિરૂધ્ધ એમ.જી.વી.સી.એલ. | એમ.જી.વી.સી.એલ.નુ વિતરણ પરવાનો રદ કરવા અંગે |
| ૫. | ૯૫૨/૨૦૦૮ | ઓ.એન.જી.સી. વિરૂધ્ધ જેટકો, ડી.જી.વી.સી.એલ. અને યુ.જી.વી.સી.એલ. | અગિયાર સ્થપિત જોડાણોમાંથી છ જોડાણોની ૧૫૯૦૦ કેવીએની ક્ષમતાના વ્હીલીંગ તર્કસંગતતા બાબત |
| ૬. | ૯૫૪/૨૦૦૮ | ઓ.એન.જી.સી. વિરૂધ્ધ ઘેડા,જેટકો અને સુઝલોન એનર્જી લી. | WEGS દ્વારા પોતાના ઉપયોગ માટે વ્હીલીંગ એનર્જી બાબત |
| ૭. | ૯૫૬/૨૦૦૮ | વી.કે.ઠક્કર વિરૂધ્ધ એમ.જી.વી.સી.એલ. | એમ.જી.વી.સી.એલ.ના સભ્યો અને ચેરમેન છુટ કરવા બાબત. |
| ૮. | ૯૫૯/૨૦૦૮ | ટોરેન્ટ પાવર લિમીટેડ વિરૂધ્ધ જી.પી.ઈ.સી.એલ, | પી.પી.એ. મંજુર કરવા બાબત |
| ૯. | ૯૬૧/૨૦૦૯ | જેટકો, વડોદરા | નોટીફિકેશન નં.૧૫/૨૦૦૫ પીટીશન નં. ૯૩૬/૦૮ ના હુકમની રીવ્યુ અરજી |

| ક્રમ નં. | પીટીશનન નં. | દાખલ કરનાર | વિષય |
|---|---|---|---|
| ૧૦. | ૯૬૨/૨૦૦૯ | જી.યુ.વી.એન.એલ. વડોદરા | સફળ સ્પર્ધાત્મક બીડરના પીપીઓમાં દર્શાવેલ વિતરણ પોઈન્ટના ફેરફારને મંજુરી બાબત |
| ૧૧. | ૯૬૩/૨૦૦૯ | સુઓ મોટો વિરૂધ્ધ જી.યુ.વી.એન.એલ. | ઈલેક્ટ્રીકસીટી એક્ટ ૨૦૦૩ની કલમ ૧૪૨ મુજબ સુઓ મોટો અરજી |
| ૧૨. | ૯૬૪/૨૦૦૯ | ઈન્ડીયન વીન્ડ પાવર એસોસીએશન વિરૂધ્ધ જી.યુ.વી.એન.એલ. અને અન્ય | કમીશનના હુકમના ૨/૨૦૦૬ માં દર્શાવેલ ત્રણ વર્ષનો કંટ્રોલ પીરીયડ દુર કરવા અંગે |
| ૧૩. | ૯૬૫/૨૦૦૯ | ચીરાગ ફ્યુઅલ્સ પ્રા.લિ. વિરૂધ્ધ પી.જી.વિ.સી.એન. પોરબંદર (શહેર) | પી.જી.વી.સી.એલ. કરાર ઓમબુસમેન કેશ નં.૧ ના હુકમનો અમલ નહી કરવા બાબત |
| ૧૪. | ૯૬૬/૨૦૦૯ | ટોરેન્ટ પાવર લીમીડેટ | વર્ષ ૨૦૦૯-૧૦ માટે ટેરીફ પીટીશન |
| ૧૫. | ૯૬૫/૨૦૦૯ | એસ્ટોન ફીલ્ડસોલર (ગુજ) પ્રા.લી. વિરૂધ્ધ ડીસકોમ, જી.યુ.વી.એન.એલ. | પીવી સૌર ઉર્જા પ્લાન્ટ ગુજરાત નું ૨૫ મેગાવોટનું વીજ દર નક્કી કરવા માટેની અરજી. |
| ૧૬. | ૯૭૧/૨૦૦૯ | ઓ.એન.જી.સી. વિરૂધ્ધ જેટકો યુ.જી.વી.સી.એલ., ડી.જી.વી.સી.એલ. અને એમ.જી.વી.સી.એલ. | પીટીશન નં. ૯૫૪/૨૦૦૮ હુકમનો ખુલ્લા કરવા બાબત |
| ૧૭. | ૯૭૩/૨૦૦૯ | અદાની પાવર લી. વિરૂધ્ધ પી.એલ.પટેલ, એલ.એચ પટેલ અને કલેક્ટર, મહેસાણા | તા.૮-૭-૨૦૦૯ના જીલ્લા મેજીસ્ટ્રેટ મહેસાણાના હુકમ બાબત |
| ૧૮. | ૯૭૪/૨૦૦૯ | ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રીકલ કોર્પોરેશન લી. | ૨૦૦૯-૧૦ના વર્ષના ટેરીફ પીટીશન |
| ૧૯. | ૯૭૫/૨૦૦૯ | જેટકો | ૨૦૦૯-૧૦ના વર્ષના ટેરીફ પીટીશન |
| ૨૦. | ૯૭૬/૨૦૦૯ | જેટકો (એસ.એલ.ડી.સી.) | એસ.એલ.ડી.સી. માટે ટેરીફ નક્કી કરવા માટે |
| ૨૧. | ૯૭૭/૨૦૦૯ | યુ.જી.વી.સી.એલ. | ૨૦૦૯-૧૦ના વર્ષ માટે ટેરીફ નક્કી કરવા |

| ક્રમ નં. | પીટીશનન નં. | દાખલ કરનાર | વિષય |
|---|---|---|---|
| ૨૨. | ૯૭૮/૨૦૦૯ | દક્ષીણ ગુજરાત વીજ કંપની લીમીટેડ | ૨૦૦૯-૧૦ના વર્ષ માટે ની ટેરીફ નક્કી કરવા માટે |
| ૨૩. | ૯૭૯/૨૦૦૯ | મધ્ય ગુજરાત વીજ કંપની લીમીટેડ | ૨૦૦૯-૧૦ના વર્ષ માટે ની ટેરીફ નક્કી કરવા માટે |
| ૨૪. | ૯૮૦/૨૦૦૯ | પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ | ૨૦૦૯-૧૦ના વર્ષ માટે ની ટેરીફ નક્કી કરવા માટે |
| ૨૫. | ૯૮૧/૨૦૦૯ | ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લીમીટેડ | સ્પર્ધાત્મક ભાવ દ્વારા ૩૦૦૦ મે.વો. ૨૦% ઉર્જા લાંબા ગાળાના ખરીદી અંગેના કેશ નં.૧ ભારતે સરકારનો ઉર્જા મંત્રાલય દ્વારા ઈસ્યુ કરેલ સ્ટાન્ડર્ડ બીડીંગ ડોક્યુમેન્ટમાં ફેરફાર બાબત |
| ૨૬. | ૯૮૮/૨૦૧૦ | ટોરેન્ટ પાવર લિમીટેડ | ૨૦૧૦-૧૧ ના વર્ષ માટેની ટેરીફ દરખાસ્ત |
| ૨૭. | ૯૮૯/૨૦૧૦ | જી.એસ.ઈ.સી.એલ | ૨૦૧૦-૧૧ ના વર્ષ માટેની ટેરીફ દરખાસ્ત |
| ૨૮. | ૯૯૦/૨૦૧૦ | જેટકો | ૨૦૧૦-૧૧ ના વર્ષ માટેની ટેરીફ દરખાસ્ત |
| ૨૯. | ૯૯૧/૨૦૧૦ | જેટકો(એસ.એલ.ડી.સી.) | ૨૦૧૦-૧૧ ના વર્ષ માટેની ટેરીફ દરખાસ્ત |
| ૩૦. | ૯૯૨/૨૦૧૦ | ઉત્તર ગુજરાત વીજ કંપની લીમીટેડ | ૨૦૧૦-૧૧ ના વર્ષ માટેની ટેરીફ દરખાસ્ત |
| ૩૧. | ૯૯૩/૨૦૧૦ | દક્ષીણ ગુજરાત વીજ કંપની લીમીટેડ | ૨૦૧૦-૧૧ ના વર્ષ માટેની ટેરીફ દરખાસ્ત |
| ૩૨. | ૯૯૪/૨૦૧૦ | મધ્ય ગુજરાત વીજ કંપની લીમીટેડ | ૨૦૧૦-૧૧ ના વર્ષ માટેની ટેરીફ દરખાસ્ત |
| ૩૩. | ૯૯૫/૨૦૧૦ | પશ્ચીમ ગુજરાત વીજ કંપની લીમીટેડ | ૨૦૧૦-૧૧ ના વર્ષ માટેની ટેરીફ દરખાસ્ત |
| ૩૪. | ૯૯૯/૨૦૧૦ | શાહ એલોઈસ લી. વિરૂધ્ધ એસ.એલ.ડી.સી. | એસ.એલ.ડી.સી. વિરૂધ્ધ સીકીંગ હાઈટેશન અંગેની અરજી |
| ૩૫. | ૧૦૦૩/૨૦૧૦ | ટોરેન્ટ એનર્જી લીમીટેડ | વિતરણ વ્યવસાય અંગે ૨૬-૧-૧૦ થી ૩૧-૩-૨૦૧૦ સુધી ટેરીફ નક્કી કરવા બાબત |

# જોડાણ-૪

## ૨૦૦૯-૧૦ દરમ્યાન નિકાલ કરેલ પ્રકીર્ણ અરજીઓની વિગત

| ક્રમ નં. | અરજી નં. | દાખલ કરનારનું નામ | વિષય |
|---|---|---|---|
| ૧. | ૧/૨૦૦૯ | શાહ ઓલોઇસ ઈન્ડ. ઈન્ફ્રા પ્રા.લી. વિરૂધ્ધ ડીજીવીસીએલ અને ચીફ ઇલેક્ટ્રીકલ ઇન્સપેક્ટર | ઈલેક્ટ્રીસીટી એક્ટ-૨૦૦૩ ની કલમ૨(૮),૯ અને ૪૨ મુજબ યોગ્ય માર્ગદર્શન આપવા બાબત |
| ૨. | ૨/૨૦૦૯ | સુરભી ઈન્ફ્રા.સર્વીસીઝ લી. વિરૂધ્ધ ડીજીવીસીએલ,સીઈઆઇ ગાંધીનગર | ઈલેક્ટ્રીસીટી એક્ટ-૨૦૦૩ ની કલમ૨(૮),૯ અને ૪૨ મુજબ યોગ્ય માર્ગદર્શન આપવા બાબત |
| ૩. | ૩/૨૦૦૯ | કડોદરા પાવર પ્રી.લિ. વિરૂધ્ધ ડીજીવીસીએલ,સીઈઆઇ ગાંધીનગર | ઈલેક્ટ્રીસીટી એક્ટ-૨૦૦૩ ની કલમ૨(૮),૯ અને ૪૨ મુજબ યોગ્ય માર્ગદર્શન આપવા બાબત |
| ૪. | ૪/૨૦૦૯ | સીઈઆરએલ અને એમડીઈએફ વિરૂધ્ધ યુજીવીસીએલ તથા જીયુવીએનએલ | યુજીવીએસએલ દ્વારા ખોટી ટેરીફ ક્ષમતા બાબત |
| ૫. | ૭/૨૦૦૯ | ડીજીવીએસએલ વિરૂધ્ધ કેએમવાય કાપડીયા અને ઈઆઈ-સુરત | ઇલેક્ટ્રીકલ ઈન્સપેકના વિવાદ નં ૩૭૫૧ તા. ૩-૧૨-૨૦૦૮ના હુકમબાબત |
| ૬. | ૮/૨૦૦૯ | ગાયત્રી શક્ત પેપર બોર્ડ અને પેપર લી. વિરૂધ્ધ ડીજીવીસીએલ અને ઈઆઈ-સુરત | ઈલેક્ટ્રીસીટી એક્ટ-૨૦૦૩ ની કલમ૨(૮),૯ અને ૪૨ મુજબ યોગ્ય માર્ગદર્શન આપવા બાબત |
| ૭. | ૯/૨૦૦૯ | નાગલીયા ગ્રુફ ઓફ એસોસીએશન વિરૂધ્ધ ડીજીવીસીએલ અને ઈઆઈ-સુરત | ઈલેક્ટ્રીસીટી એક્ટ-૨૦૦૩ ની કલમ૨(૮),૯ અને ૪૨ મુજબ યોગ્ય માર્ગદર્શન આપવા બાબત |
| ૮. | ૧૦/૨૦૦૯ | રાજેન્દ્ર બાર્વે વિરૂધ્ધ એમજીવીસીએલ | ઈલેક્ટ્રીસીટી એક્ટ-૨૦૦૩ ની કલમ ૮૬,૮૭,૮૮,૨(૧૫)(૨૬)(૨૭)(૪૬) અને ૯૪ મજુબની અરજી |

# જોડાણ-૫

## ૨૦૦૯-૧૦ વર્ષ દરમ્યાણ નિકાલ કરેલ અપીલોની વિગતો

| ક્રમ નં. | લાઈસન્સ એપી.નં. | દાખલ કરનારનું નામ | વિષય |
|---|---|---|---|
| ૧. | એલએ-૨/૨૦૦૮ | સુઝલોન પાવર ઈન્ફ્રા. પ્રા.લી. | ટ્રાન્સમીશન લાઈસન્સ અરજી |
| ૨. | એલએ-૩/૨૦૦૮ | એસાર સેઝ પાઝીરા લી. | વિતરણ લાઈસન્સ અરજી |
| ૩. | એલએ-૪/૨૦૦૮ | સુઝલોન પાવર ઈન્ફ્રા. પ્રા.લી. | વિતરણ લાઈસન્સ અરજી |
| ૪. | એલએ-૫/૨૦૦૮ | ટોરેન્ટ એનર્જી લી. | વિતરણ લાઈસન્સ અરજી |

# જોડાણ-૬

## ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગે અધિસૂચિત કરેલા વિનિયમોની યાદી

| ક્રમ | વિનિયમનું નામ | જાહેરનામાં નંબર | જાહેરનામાની તારીખ |
|---|---|---|---|
| ૧ | સ્ટાફ સર્વિસ | એક્સ્ટ્રા નં.૫૫ | ૧૯-૭-૨૦૦૧ |
| ૨. | કામ કાજની વ્યવસ્થા | ૦૨ / ૨૦૦૪ | ૨૫-૮-૨૦૦૪ |
| ૩. | ગ્રાહકોની ફરિયાદની નિવારણ માટે ઓમ્બુડઝમેનની સ્થાપના | ૦૩ / ૨૦૦૪ | ૨૫-૮-૨૦૦૪ |
| ૪. | ગ્રાહકોની ફરિયાદના નિવારણ માટે ફોરમની સ્થાપના | ૦૪ / ૨૦૦૪ | ૨૫-૮-૨૦૦૪ |
| ૫. | ગ્રીડ સંકેત | ૦૫ / ૨૦૦૪ | ૨૫-૮-૨૦૦૪ |
| ૬. | વિતરણ સંકેત | ૦૬ / ૨૦૦૪ | ૨૫-૮-૨૦૦૪ |
| ૭. | અપીલ સત્તાધિકારી વિનીયમો સમક્ષ અપીલ કરવા માટેની કાર્યપદ્ધતિ | ૦૧ / ૨૦૦૫ | ૭-૧-૨૦૦૫ |
| ૮. | પ્રવાહનું લાઈસન્સ આપવું. | ૦૨ / ૨૦૦૫ | ૩૦-૩-૨૦૦૫ |
| ૯. | વિદ્યુત વેપારનું લાઈસન્સ આપવું. | ૦૩ / ૨૦૦૫ | ૩૦-૩-૨૦૦૫ |
| ૧૦. | વિદ્યુત વિતરણનું લાઈસન્સ આપવું. | ૦૪ / ૨૦૦૫ | ૩૦-૩-૨૦૦૫ |
| ૧૧. | એસ.એલ.ડી.સી. વિનિયમોથી ફી અને ચાર્જ નાંખવા અને ઉઘરાવવા | ૦૫ / ૨૦૦૫ | ૩૦-૩-૨૦૦૫ |
| ૧૨. | ફી, ફંડ અને ચાર્જ વિનિયમો | ૦૬ / ૨૦૦૫ | ૩૦-૩-૨૦૦૫ |

| ક્રમ | વિનિયમનું નામ | જાહેરનામાં નંબર | જાહેરનામાની તારીખ |
|---|---|---|---|
| ૧૩. | વીજશક્તિ વ્યવસ્થાનાં ધોરણે | ૦૭ / ૨૦૦૫ | ૩૦-૩-૨૦૦૫ |
| ૧૪. | સલામતી અનાતમ વિનિયમો | ૦૮ / ૨૦૦૫ | ૩૧-૩-૨૦૦૫ |
| ૧૫. | પુરવઠો પૂરો પાડવામાં કરેલ ખર્ચ અને પરચૂરણ ચાર્જ વસુલ કરવા લાઈસન્સદારની સત્તા | ૦૯ / ૨૦૦૫ | ૩૧-૩-૨૦૦૫ |
| ૧૬. | વિતરણ લાઈસન્સદારની કામગીરીનું ધોરણ | ૧૦ / ૨૦૦૫ | ૩૧-૩-૨૦૦૫ |
| ૧૭. | વિદ્યુત પુરવઠા સંકેત અને તેને લગતી બાબતો. | ૧૧ / ૨૦૦૫ | ૩૧-૩-૨૦૦૫ |
| ૧૮. | ટેરિફની શરતો | ૧૨ / ૨૦૦૫ | ૩૧-૩-૨૦૦૫ |
| ૧૯. | ખુલ્લી ઉપલભ્યતા (ઓપન એક્સેસ) | ૧૩ / ૨૦૦૫ | ૨૯-૧૦-૨૦૦૫ |
| ૨૦. | સલાહકારની નિમણૂંક | ૧૪ / ૨૦૦૫ | ૨૯-૧૦-૨૦૦૫ |
| ૨૧. | વિતરણ લાઈસન્સદાર દ્વારા સહ-ઉત્પાદન અને રીન્યુ કરવા પાત્ર સંકેતમાંથી વીજ શક્તિ પ્રાપ્તિ | ૧૫ / ૨૦૦૫ | ૨૯-૧૦-૨૦૦૫ |
| ૨૨. | વિદ્યુત પુરવઠા સંકેત અને સંબધિત બાબતો (પ્રથમ સુધારો) | ૧૧ / ૨૦૦૫ | ૧૪-૧૨-૨૦૦૫ |
| ૨૩. | વિદ્યુત પુરવઠા સંકેત અને સંબધિત બાબતો (દ્વિતીય સુધારો) | જીઈઆરસી ટેક -૧/૨૨૯૬/૦૬ | ૨૬-૧૦-૨૦૦૬ |
| ૨૪. | વિતરણ સંકેત (પ્રથમ સુધારો) | જીઈઆરસી ટેક -૧/૨૨૯૬/૦૬ | ૨૬-૧૦-૨૦૦૬ |
| ૨૫. | બહુવર્ષીય ટેરીફ માળખું | ૧ / ૨૦૦૭ | ૨૦-૧૨-૨૦૦૭ |
| ૨૬. | ટ્રેડીંગ માર્જિન નક્કી કરવો. | ૧ / ૨૦૧૦ | ૧૬-૨-૨૦૧૦ |
| ૨૭. | પરવાનેદારે પુરવઠો પુરો પાડવા માટે થયેલ ખર્ચને વસુલ કરવા બાબત (સુધારા) | ૨ / ૨૦૧૦ | ૫-૩-૨૦૧૦ |

# જોડાણ-૭

## ૨૦૦૯-૧૦ વર્ષ દરમ્યાણ વિદ્યુત લોકપાલ કચેરીમાં મળેલ ફરીયાદોનો પ્રકાર


| ક્રમ નં. | પ્રકાર | સંખ્યા |
|---|---|---|
| ૧. | HTP-VI માં કોન્ટ્રેકટ ડીમાન્ડ ભંગ | ૩ |
| ૨. | LT માંથી HT કનેકશનમાં ફેરફાર વખતે પુરા પ્રમાણસ ચાર્જ વસુલ કરવા | ૧ |
| ૩. | નુકશાન થયેલ TV સેટનું વળતર | ૧ |
| ૪. | છ વર્ષના વપરાશ માટે સપ્લીમેન્ટરી બીલ | ૨ |
| ૫. | નવા જોડાણ માટે સબસ્ટેશનની માંગ | ૩ |
| ૬. | મીટર અંગેની તકરાર | ૧૨ |
| ૭. | જોડાણ / જોડાણ દુર કરવા / પુનઃ જોડાણ | ૫ |
| ૮. | સીઝનલ ગ્રાહકો | ૨ |
| ૯. | જોડાણ માટે ડીપોઝીટ માટે સમય મર્યાદામાં વધારો | ૨ |
| ૧૦. | HTPII A મુજબ વધારાનું બીલ | ૧ |
| ૧૧. | 500 KVA કોન્ટ્રાકટ ડીમાન્ડ માટે અરજદારને ફરજ પાડવી | ૧ |
| ૧૨. | જોડાણ આપવા | ૧ |
| ૧૩. | જોડાણ કાપી નાખ્યું હોય તેવા સમયનું બીલ | ૧ |
| ૧૪. | ચોરીના બીલના રીફન્ડ પર વ્યાજની માગણી | ૧ |
| ૧૫. | ખોટા દસ્તાવેજો પર કોઈ અન્ય વ્યક્તિને જોડાણ આપવા બાબત | ૧ |
| ૧૬. | વીજ જોડાણ આપવામાં વિલંબ બદલ વળતર | ૧ |
| ૧૭. | ખેતી વીજ જોડાણ | ૮ |
| ૧૮. | નબળા વોલ્ટેજ | ૧ |
| ૧૯. | સીક્યુરીટી ડીપોઝીટ | ૧ |
| ૨૦. | પ્રશુલ્કમાં ફેરફાર | ૩ |
| ૨૧. | કોન્ટ્રેકટ ડીમાન્ડમાં ફેરફાર | ૨ |
| ૨૨. | અંદાજ અંગેનું આખરી બીલ | ૧ |
| | કુલ | ૫૬ |

# જોડાણ-૮

## ૨૦૦૯-૧૦ દરમ્યાન ફરિયાદ નિવારણ ફોરમના હુકમો સામે વિદ્યુત લોકપાલ કચેરીને મળેલ રજુઆતોની સંખ્યા

| ક્રમ નં. | ફરિયાદ નિવારણ ફોરમનું નામ | વિદ્યુત લોકપાલ કચેરીને મળેલ રજુઆતોની સંખ્યા |
|---|---|---|
| ૧. | ટોરન્ટ પાવર લિમિટેડ (અમદાવાદ) | ૨ |
| ૨. | ટોરન્ટ પાવર લિમિટેડ (સુરત) | ૨ |
| ૩. | ઉત્તર ગુજરાત વીજ કં. | ૫ |
| ૪. | મધ્ય ગુજરાત વીજ કં. | ૯ |
| ૫. | દક્ષિણ ગુજરાત વીજ કં. | ૧૦ |
| ૬. | પશ્ચિમ ગુજરાત વીજ કં. (ભાવનગર) | ૨૪ |
| ૭. | પશ્ચિમ ગુજરાત વીજ કં. (રાજકોટ) | ૨ |
| ૮. | પશ્ચિમ ગુજરાત વીજ કં. (ભુજ) | ૨ |
| | કુલ | ૫૬ |





## ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ

પહેલો માળ, નેપ્ચ્યુન ટાવર, નહેરૂબ્રીજ સામે, આશ્રમરોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૯.

Ph. : +91-079-2658 0350 Fax : +91-079-2658 4542 E-mail : gerc@gercin.org Visit us : www.gercin.org